॥ શ્રી હરિ ॥

હરિસ્મૃતિ

શ્રી હરિની ચેષ્ટા ચિંતામણી



:: પ્રકાશક ::
શ્રી સ્વામિનારાયણ મહિલા સંસ્કાર કેન્દ્ર, કેરિયારોડ, અમરેલી
પ્રેરક : પ.પૂ.સાંખ્યયોગી શ્રી લીલાબેન

હરિ સ્મૃતિ

૧. સ્વરૂપ ચિંતામણિ

-: દોહા :-

મનોહર સુંદર મૂરતિ, સહજાનંદ સુખરૂપ;
નખશિખ સુધી નિરખતાં, આવે આનંદ અનુપ ॥૧॥
પ્રથમ પ્રભુ પ્રગટને, રાખું હૃદયામાંય
અંગોઅંગ અવલોકીને, અંતર રહું ઉછાય ॥૨॥

-: ચોપાઈ ધ્રુવપદી :-

પુરુષોત્તમ પરમ દયાળ, નાથ નિરખ્યા છે ॥
શ્રીભક્તિધર્મના બાળ, નાથ નિરખ્યા છે ॥

સુખદાયી સહજાનંદ નાથ; સત્સંગીના સુખકંદ, નાથ;
અંગોઅંગમાં અવિનાશ " તેણે હૈયે છે હુલાસ[૧] "
પ્રથમ પેખીને બે પાવ " આવે અંતરે ઉછાવ[૨] " ૪
અંબુજ[૩] અરુણ[૪] વર્ણ બે ચરણ " હરિભક્તના ભયહરણ "
તેમાં શોભે ચિહ્ન સોળ " અવલોકે સુખ અતોળ[૫] " ૫
જમણા ચરણનાં ચિહ્ન જોઈ " સ્વસ્તિ અષ્ટકોણ છે સોઈ "
વજ્ર અંકુશ ને ધ્વજ, નાથ " જવ જાંબુ કહિયે કંજ[૬] " ૬
પગ બેહુમાં ઉર્ધ્વરેખ " શોભે અતિશય વિશેષ "
પગ ડાબે ચિહ્ન સાત " સદા સુખદાયી સાક્ષાત " ૭
મત્સ્ય ત્રિકોણ ને વ્યોમ " કળશ ધનુષ ને સોમ[૭] "
ગોપદ સોતાં[૮] ગણિયે સાત " સોળે ચિહ્ન એહ વિખ્યાત " ૮

૧. આનંદ ૨. ઉમંગ ૩. કમળ ૪. લાલ ૫. અમાપ ૬. કમળ ૭. ચંદ્ર ૮. સહિત.

જમણે અંગુઠે નખમાંય નાથ; શોભે ઉર્ધ્વરેખ એક ત્યાંય નાથ;
બેઉ પાવલિયા[૧] પૂનિત " ચોટે આંગળીયો જોઈ ચિત્ત " ૯
જેવી અરુણ કમળની કળી " એવી શોભે પગ આંગળી, "
નખ શ્રેણી મણિસમ " ઉપડતા ને રુડા રમ્ય "૧૦
અંગુઠા આંગળિયું બહુ સારી " જોઈ અંતર લિયો ઉતારી "
આંગળી અંગુઠા ઉપર " શોભે ઝીણા રોમ[૨] સુંદર "૧૧
ફણા[૩] તણા લાંક[૪] જોઈ " શોભે ઘુંટી ઘણું દોઈ[૫] "
ગોળ રંગચોળ[૬] બે પેની " શું હું કહું શોભા તેની "૧૨
કાંડા કોમળ બે કહિયે " જંઘા[૭] જોઈને સુખ લઈયે "
પિંડી સરખી ને સુંવાળી " નળિ[૮] લાગે છે રૂપાળી "૧૩
જોયા જેવા છે બે જાનું[૯] " ઘુંટણ નામ ધામ શોભાનું, "
ડાબા જાનું પર ચિહ્ન જોઈ " મારૂં મન રહ્યું છે મોહી ૧૪
ઉરુ[૧૦] શોભે સુંદર સુંવાળા " રંભા સ્થંભ[૧૧] સાથળ રૂપાળા "
દુંદ[૧૨] ફાંદ દગે દેખી " મારી ધન્ય કમાઈ લેખી "૧૫
કોમળ કટી કહીએ કેવી " જોઈ અંતર ધાર્યા જેવી "
પે'રી વળ દેઈ પછેડી " મારું મન બાંધ્યાની બેડી[૧૩] "૧૬
ઉંડી નાભિ ગોળ ગંભીર " જોઈ જીવ ધરે છે ધીર "
પેટ રુડુ ને રૂપાળુ " પિપળપાન સમ સુવાળું "૧૭
ત્રિવળી[૧૪] પડે છે જો તેમાં " પોયણ[૧૫]સમ શીતલ સુખ જેમાં "
નળ[૧૬] નીરખી મોહ્યું મન " શોભે સુંદર શ્યામ સ્તન "૧૮

૧. ચરણ. ૨. રૂંવાડા ૩. પગનો ફણો ૪. પગના તળિયા વચ્ચેનો ભાગ ૫. બે ૬. લાલ ચોળ ૭. જાંઘ ૮. ગોઠણ નીચેનો નળો ૯. ઢીંચણ ૧૦. સાથળ ૧૧. કેળના સ્થંભ ૧૨. ફાંદ ૧૩. સાંકળ ૧૪. પેટ ઉપર ત્રણ વળ ૧૫. રાત્રિ કમળ ૧૬. પેટની અંદરની નળી.

છબીદાર[૧] ઉપડતી છાતી નાથ; પો'ળી રુપાળી રંગરાતી નાથ;
હેતે ભર્યું અતિ હૈયું " તે કેમ કરી જાય કહ્યું "૧૯
કૂખ પડખાં બે બગલું " જોતાં સુખ આવે છે ભલું "
ખભા ખૂબ જોયા મેં ખાંતે[૨] " શોભા શું વખાણું વાતે, નાથ "૨૦
ભુજા ભરી બેઉ બળે " જોઈ જનમ મરણ ભય ટળે "
અતિ આજાનું[૩] બે બાહુ " જોઈ બલહારી હું જાઉં "૨૧
ગજસૂંઢ સરખી શોભે " દેખી લોચન મારાં લોભે "
દિલ માન્યું જોઈ ડેડરિયો[૪] " [૨]ગોળ અતોળ વળભરિયો[૫] "૨૨
કોણી સુંદર શ્યામ સુંવાળી " રુડી લાગે છે રુપાળી "
કળાઈ[૬] કાંડા કે'એ કરભ[૭] " જોઈ ગળે મીનમન[૮] ગરભ[૯] "૨૩
હાથ હથેળી છે રાતી " જોઈ રેખા ઠરે છે છાતી "
પોંચે પાંચે આંગળીયો સારી " વેઢા વિરા[૧૦] ઉપર વારી "૨૪
તસુ[૧૧] ટેરવાં[૧૨] છે રાતાં " નથી કૈયે મેં કે'વાતાં "
નખ લાલમણિ સમ સારા " તેતો મને લાગે પ્યારા "૨૫
તીખા અગ્ર[૧૩] ને તેજસ્વી " જોઈ જીવમાં ગયા વસી "
કર સુંદર સરખા બેઉ " જોઈ દિલ ઉતારી લેઉં "૨૬
કંઠ કંબુ[૧૪] સમ અવલ[૧૫] " તેના ખાડા વચ્ચે તલ "
ગળુ રૂપાળું છે ઘણું " રૂડું સુંદર સોયામણું "૨૭
દાઢી દેખી દિલડું ઠરિયું " જોઈ વિષયસુખ વિસરિયું "
એવી ચિબુકે[૧૬] ચિત્ત ચોટે " મન માન્યું મનોહર કોટે[૧૭] "૨૮

૧. સુંદર ૨. ખંતથી. ૩. ઢીંચણ સુધી લાંબા (હાથ) ૪. કોણીથી કાંડા સુધીના નીચલો ભાગ ૫. વળવાળો ૬. કોણીથી કાંડા સુધીનો ઉપલો ભાગ ૭. કાંડા અને ટચલી આંગળી વચ્ચેનો ભાગ ૮. માછલાના મનનો ૯. ગર્વ ૧૦. બે વેઢા વચ્ચેનો ભાગ ૧૧. એક ઈંચ ૧૨. આંગળીનો અગ્ર ભાગ ૧૩. અણિયાળા ૧૪. શંખ ૧૫. સુંદર ૧૬. દાઢી ઉપરનો ભાગ ૧૭. ડોક .

અધર પરવાળાં[૧] સમ પેખી નાથ; દિલડું રીઝયું તેને દેખી નાથ;
હેતે ભરી વાણી હોઠે " સુણી બીજે મન ન ગોઠે "૨૯
દેખી દાંતતણી આવળિયું[૨] " કહિયે કુંદ કુસુમની[૩] કળિયું "
રૂડા રૂપાળા રસભરિયા " સારા સુવર્ણે સાંકરિયા[૪] "૩૦
રસનાયે છે રુડી વાણી " સુણી ચિત્તવૃત્તિ લોભાણી "
ચોખું બોલે છે ચતુરાયે " સુણી વાણી પર બલજાયે[૫] "૩૧
મુખ ભર્યું મનોહર હાસે " જોઈ જનમ મરણ દુઃખ નાસે "
નાસા[૬] અણિયાળી છે એવી " શુક ચંચુ[૭] દીપશગ[૮] જેવી "૩૨
તેપર શીળી ચિહન નિહાળો " જમણે ગાલે તિલ રૂપાળો "
ગૌર કપોળ[૯] છે ગોળ " જોઈ આવે સુખ અતોળ, "૩૩
કર્ણ હરણ દુઃખના કહિયે " જોઈ મોટા સુખને લઈએ "
વામ[૧૦] કાને બિંદુ શ્યામ " અતિ શોભે શોભાધામ "૩૪
કાનબૂટે ચોટે ચિત્ત " જોઈ મન થાય ચકિત "
વાંસો લાંસો[૧૧] વાલો લાગે " જોઈ તિલ મોટો દુઃખ ભાગે નાથ "૩૫
આંખ્યો મન ગમતી મર્માળી " રાતી રેખાયે રૂપાળી "
અતિ ભરી છે અમૃતે " નિહાળી જોઈ છે મેં નિરાંતે "૩૬
પાંપણ ઉપર કરચલિયું " સારી શોભે છે બે ભલિયું[૧૨] "
ભ્રકુટી[૧૩] નયણે નિરખી " દિસે કામ કમાન[૧૪] સરખી "૩૭
ભાલ વચ્ચે રેખા રૂડી " મારી મીટ[૧૫] તણી છે મૂડી "
મોટે ભાગ્યે ભર્યું ભાલ " જોઈ લમણા છઉં નિહાલ[૧૬] "૩૮

૧. લાલ મણી ૨. પંક્તિ ૩. એક જાતના મોગરા જેવા ફુલ ૪. બાંધેલા ૫. વારી જવું. ૬. નાક ૭. પોપટની ચાંચ ૮. દીવાની જ્યોત ૯. ગાલ ઉપરનો ભાગ ૧૦. ડાબા ૧૧. સુંવાળો ૧૨. સારી ૧૩. નેણ ૧૪. કામદેવનું ધનુષ્ય ૧૫. નજર ૧૬. પૂર્ણકામ.

નળવટ[૧] જોઈ મન લોભાણું નાથ; જાણ્યું દોયલા[૨] દિનનું નાણું નાથ;
કેશ કપાળ વચ્ચે કે'યે " ચિહ્ન ચિંતવી સુખ લૈયે "૩૯
તાળું[૩] રૂપાળું છે તેહ " વાધે વિલોકે[૪] સનેહ "
સુંદર વાળ શ્વેત શ્યામ " પેખી[૫] થાય પૂરણકામ "૪૦
શિખા સુંદર છે સારી " નખશિખાપર બલિહારી "
એવી મૂર્તિ મિરાંથ[૬] મારી " લેઉં અંતરે ઉતારી "૪૧
શોભે નખશિખા શરીર " ચિત્તે ચિંતવી ધરું ધીર "
પુષ્ટ અંગો અંગ સુંદર " મૂર્તિ મરમાળી મનહર "૪૨
મૂર્તિ ઘણી છે ઘનશ્યામ " શાંત સ્વભાવે સુખધામ "
મહારાજની મૂર્તિ ન્યારી " કરચરણાદિક પર વારી "૪૩
અંગોઅંગે અવલોકી " આવે આનંદ અલોકી "
નખશિખા સુખની ખાણી[૭] " જીભે જાય નહિ વખાણી "૪૪
એવી મૂર્તિ મનરંજન " ચિતે ચિંતવું છું નિશદિન "
પ્રથમ પોઢી જાગે જયારે " જોઈ જન મગન મન ત્યારે "૪૫
દિયે દર્શન દીનદયાળ " નિજભક્તના પ્રતિપાળ[૮] "
પછી દેહક્રિયા કરી આવે " હાથ મૃત્તિકાયે મટીયાવે[૯] "૪૬
ચોળી એકુકી આંગળીયો " ધોઈ શુદ્ધ કરે સઘળિયો "
પછી દાતણ કરતા શ્યામ " મુખ ધોઈ લો' તા સુખધામ "૪૭
વતુ[૧૦] કરાવતાં વળી " નખ લેતાં દશ આંગળી "
અંગે અત્તર ચોળેલ " તેલ સુગંધી ફુલેલ[૧૧] "૪૮

૧. નેણ ઉપરનો ભાગ ૨. વસમી વેળા ૩. તાળવુ ૪. જોઈને ૫. દેખી ૬. મૂડી ૭. ખાણ ૮. રક્ષણ કરનાર ૯. સાફ કરી આવે ૧૦. હજામત ૧૧. ફુલની સુગંધથી સુવાસિત કરેલ તેલ.

વળી નાતા ઉન્હે નીરે નાથ; લુ'તાં લાંસું પટ શરીરે નાથ;
બીજું પે'રે કોરું પટ[૧] " ચઢતાં ચાખડિયે ચટ "૪૯
ઓઢી પછેડી પાવન " આવ્યા જમવાને જીવન "
બેઠા ચાકળે[૨] અવિનાશ " હતો નિષ્કુળાનંદ પાસ "૫૦

ઇતિ શ્રી હરિસ્મૃતિમધ્યે પ્રથમઃ ચિંતામણિઃ ॥૧॥

૨. થાળ ચિંતામણિ

દોહા

ભોજન બહુ રસે ભર્યા જુગતે, કરિયાં જેહ ॥
આણ્યાં ચોકી[૩] ઉપરે, તાજાં જમવા તેહ ॥૧॥
પાક બહુ પ્રકારના, વિધ વિધનાં વ્યંજન[૪] ॥
પુર્યા કટોરા પ્રેમશું, જુગતે જમે જીવન ॥૨॥

ચોપાઈ : ધ્રુવપદી

મોદક મગદળ ને મોતિયા,જમતા જોયા છે ॥
લાખણસાઈને[૫] સેવૈયા[૬] જમતા જોયા છે ॥

તળિયા બળિયા માંય તેજાના જમતાં; કાજુ કળિયા મનમાન્યા જમતાં;
પેંડા પતાસાને પુરી " સૂતરફેણીને સાબુડી[૭] "
શક્કરપારા સેવ સુંવાળી[૮] " પુરી કચોરી રૂપાળી "૪
હલવો[૯] હરિસો રસાળો, " ગેબર ગુંદરપાક રૂપાળો "
ગગન[૧૦]ગાંઠિયા ગુંદવડી[૧૧] " ગળાસાટા ગળપાપડી[૧૨] " ૫

૧. વસ્ત્ર ૨. ગાલીચા જેવું ૩. નાનો બાજોઠ ૪. શાક. ૫. ચુરમાના લાડુ ૬. બુંદીના લાડુ ૭. સાબુદાણાની ખીર ૮. મેંદાના લોટની ગળી પુરી ૯. ચોખાની વાનગી ૧૦. ગણગણ ૧૧. ગુલાબજાંબુ ૧૨. સુખડી.

શીરો સાથુ[૧] સાકર ચણા જમતાં; મુરકી મુરબો મેસુબ ઘણા જમતાં;
માલપુડા સાકરતણા " બરફી બીરંજ એલચીદાણા "૬
બાટી[૨] બાજરા ઘઉંની " ઘણા ઘી માં બોળી ઉની "
ખાજાં ખીર ખુરમાં[૩] ગોળા " દુધપાક દહી થરાં[૪] બો'ળા[૫] "૭
માખણ મહી દહીવડાં " ચુરમૂં લાપસી બે રૂડા "
કંસાર બાસુંદિયો ભલી " કેરીરસ રૂડી રોટલી "૮
પૂડલા ને પૂરણપોળી " રેવડી પકોડી બોળી "
ગુલાબ ટોપરાંના પાક " જલેબીને સુંદર શાક "૯
જાર બાજરી બાવટ[૬] પોળી[૭] " ઘીમાં ઘઉંની ઝબોળી "
મઠ જવના રોટલા " ચીણા ચણાના[૮] બહુ ભલા "૧૦
સુગંધી ભાત ને ખીચડી " કોદરી કાંગવું[૯] ને કડી[૧૦] "
જાર બાજરાનું ધાન " સામો બંટીનું નિદાન "૧૧
રોટલી ને ગળવાણું[૧૧] " અવલપાક[૧૨] આંબલવાણું[૧૩] "
રાતાં મરચાંને રોટલા " મગ ચણાના પૂડલા "૧૨
અડદ મગ ચણાની દાળ " તુવેર મેસુરની દયાળ "
વાલ મઠ ને વટાણા " કાજુ કળથી ચોળા દાણા "૧૩
વૃંતાક વાલોળ વળી " સારાં સૂરણ ઘીમાં તળી "
સારાં શકરિયાનાં શાક " વઘાર્યા હાથેશું વૃંતાક "૧૪
રૂડા રતાળું પતાળું[૧૪] " પરવર પાપડી દયાળુ "
કેરાં[૧૫] કારેલાં કંકોડાં " કોળાં ચીકણ[૧૬] ને ચીભડાં "૧૫

૧. સાથવો ૨. કોલસા ઉપર શેકેલી ભાખરી ૩. બાજરાનો ટાઢો રોટલો ૪. મોણ નાંખીને તળેલી પોચી પુરી ૫. ઘણા ૬. લાલ દાણાનું અનાજ ૭. પાતળી રોટલી ૮. હલકુ અનાજ ૯. કાંગની બનાવેલ વાનગી ૧૦. કઢી ૧૧. ગળી રાબ ૧૨. સારા પાક ૧૩. આંબલીનુ શરબત ૧૪. ગાજર ૧૫. કેરડા ૧૬. એક જાતની કાકડી.

ગલકાં ગવાર ને ઘીસોડાં[૧] જમતાં; શાક સાંગરિયોના[૨] રૂડા જમતાં;
ભીંડાફળી વળી ડોડા " ચોળાફળીને ચીચોડાં[૩] "૧૬
નઈ[૪] દુધિયાં ને ટીંડોરાં " કાજુ[૫] કરેલ તે કોરાં "
ભરથ[૬] ભર્યા ઘણા ઘીનાં " રૂડા રાઈતાં રાઈનાં "૧૭
કોમળ કુબી ને કોચલાં[૭] " શાક એક એકથી ભલાં "
તાજા તરબુચ પંડોળાં[૮] " શાક સારાં સુંદર બો'ળાં "૧૮
રસે ભર્યા રૂડાં કહિયે " સીમા શાકતણી ન લહિયે "
ભર્યા હળદર હવેજે " વળી બહુ મસાલે બીજે "૧૯
ટાંકા[૯] તાંદળિયાની ભાજી " સારા સુવા તલવણી[૧૦] તાજી "
મેથી મોરણની[૧૧] પણ સારી " ભીંડા ડોડીની વઘારી "૨૦
મૂળા કરલીની[૧૨] પણ કરી " વળી મીઠું ને મોગરી "
લુણી ચીલ[૧૩] ને ચણેચી[૧૪] " જમે પોતે આપે વે'ચી "૨૧
ભાજી તાજી રાઈ સારી " ઘણે ઘી જીરે વઘારી "
અજમો પોઈ[૧૫] પત્રવેલાં " ભજિયાં[૧૬] અળવીનાં કરેલાં "૨૨
કોળાં વૃતાકને આદુ " ભજિયાં રતાળુંનાં સ્વાદુ "
ભર્યા હવેજે ભજિયાં " કંઈ કહ્યાં ને કંઈ રહ્યાં "૨૩
ફાફડા ને વડાં વડી " કળી ગાંઠિયા ફૂલવડી "
પાપડ અડદ ને મગના " ઝીણા લોટની સગના "૨૪
જાર બાજરાના સારા " જમતાં પાપડ લાગે પ્યારા "
માસુખ મઠનાં મઠિયાં " લાગે ફરસાં[૧૭] ન જાય કહ્યાં "૨૫

૧. તુરીયા ૨. ખીજડાની શીંગ ૩. કારેલા જેવું શાક ૪. પાતળી લાંબી દુધી ૫. સુંદર ૬. મસાલા ૭. સુકવણી શાક ૮. શાક વિશેષ ૯-૧૪. એક જાતની ભાજી. ૧૫-૧૬. એક જાતના વેલાના પાન ૧૭. સ્વાદિષ્ટ.

ચણા વાલના લીલવા[૧] જમતાં;પય[૨] સાકર ને પૂંવા જમતાં;
વળી અવલ જો અથાણાં " ધર્યા વાટકામાં ઘણા "૨૬
કેરી રાયતી રૂપાળી " બીજી બોળેલ રસાળી "
લીંબુ બીલીનાં બનાવ્યા " લીલી હળદીનાં મનભાવ્યાં "૨૭
કેરા કરપટાં[૩] કર્મદાં " ગરમર[૪] વાંસના રાઈજાદાં[૫] "
આરિયાં[૬] આમળાને આદુ " ખરાં ખારેકના સ્વાદુ "૨૮
મરચાં ગુંદા ને સેલરાં[૭] " કાજું મૂળ કંદ કેરાં "
વૃંતાક પતાળુનાં વળી " બાવળ ગુવારની ફળી "૨૯
કોઠીંબાની[૮] જે કાચરિયું " બીજી હળદી તેલે ભરીયું "
લીંબુ રસ રૂડા નાંખી " સુંદર સારી આગે રાખી "૩૦
આંબુવાનાં[૯] જે અથાણાં " બોળ્યાં[૧૦] સરસિયામાં ઘણાં "
મૂળ સર્ગવાનાં સ્વાદે " ઉત્તમ અથાણાં એ આદે "૩૧
મેથી લવિંગને મરિયાં[૧૧] " લીંબુ ખારેકમાં ભરિયાં "
મીઠું હળદરને ધાણા " ભેળાં આથેલ અથાણાં "૩૨
આથ્યા[૧૨] અદ્રક ને કટેરાં[૧૩] " વળી ચટણી વેરમવેરાં[૧૪] "
એવાં અથાણાં અનેક " વિધવિધનાં વિષેક "૩૩
કુર[૧૫] કરમલડો[૧૬] કરિયાં[૧૭] " તલસાંકળી જાજરિયાં[૧૮] "
ઘૃત દુધ દહીંની તર " શ્વેત ભાત ને સાકર "૩૪
સાકર રાબ સાકર પાણી " મગજળ[૧૯] ઘી તીખાં વખાણી "
લીંબુરસ મરિયાં[૨૦] વારિ " સાંઠા શેરડિયો પણ સારી "૩૫

૧. લીલુ કઠોળ ૨. દૂધ ૩. કાંકડના ઝાડા ફળનું અથાણું ૪. એક જાતની વનસ્પતિ ૫. શ્રેષ્ઠ ૬. કૂણા ચીભડા ૭. કુવારની ડાંડલી ૮. કડવા ચીભડા ૯. આમળા ૧૦. બોળેલા ૧૧. મરી ૧૨. આદુ ૧૩. કંથા નામના ઝીણા બોરનું અથાણું ૧૪. વારંવાર ૧૫. રાંધેલા ભાત ૧૬. દહીંભાત ૧૭. કઢી ૧૮. પોંકનો લાડુ ૧૯. મગનું પાણી ૨૦. લીંબુરસ અને તીખાનું પાણી.

ઉભા દર્શન કરવા દાસ જમતાં;આપ્યા મહાસુખ મુખવાસ જમતાં;
લાવ્યા લવિંગ સોપારી " જાયફળ એલચી સારી "૩૬
કાથો ચૂનો પાકાં પાન " બીડી સમારી સમાન "
સુવા સુંઠય ને સંચળ " મરી અજમો જે અવલ "૩૭
બુંદ[૧] આદુ ને વરિયાળી " તજ જાવંત્રી તમાલી[૨] "
આપ્યા મુખેથી મુખવાસ " પામ્યા તંબોળ[૩] તે દાસ "૩૮
પછી આણ્યાં સુંદર ફળ " અતિ સ્વાદુને નિર્મળ "
લાવી દાસે પાસે ધરિયાં " રૂડા રૂપાળા રસભરિયાં "૩૯
જાંબુ લીંબુ પાકી કેરી " સારા કેળાં જે સોનેરી "
દેખી દાડમ બેદાણે[૪] " સ્વાદુ સીતાફળ વખાણે "૪૦
જામફળ જોયા જેવાં " રામફળ પણ એવાં "
રાણ્યો સુડિયાં[૫] ને બોર " સારા જમે ધર્મકિશોર "૪૧
પીલું શેતૂ તરસાળું[૬] " બીલાં નારંગી દયાળુ "
ડોડાં અંજીર અનુપ " ખારેક ખજૂર રસરુપ "૪૨
ટોપરાં ને કાજુકળિયાં " દ્રાક્ષ નીલવા[૭] જે ગળિયા "
રૂડા બદામ સિંગોડા " મગ ચારોળી જે રૂડા "૪૩
કમળનાળ કુંણા જોઈ, " ગુલાબ ગુલસુબા ફૂલ[૮] સોઈ "
શ્રૃંગીવિષતરુનાં[૯] પાન " જેઠીમધ ડોડી નિદાન "૪૪
ચણેચી[૧૦] ચીભડાં ને ચોળા " રાઈ મોગરી ને મૂળા "
મેથી મૂળાની ડાંડલિયો " કૂણી નર્મ કાજું ભલિયો "૪૫

૧. ટુકડો ૨. તમાલપત્ર ૩. ચાવેલા નાગરવેલના પાનનો રસ ૪. દ્રાક્ષ ૫. વેલામાં થતી એક પ્રકારની શીંગ ૬. લાંબા ચીભડા જેવું ફળ ૭. કાળી દ્રાક્ષ ૮. ગુલછડી ૯. શીંગડીયો વછનાગ ૧૦. ચણક ચીભડી.

મીઠું મરી જીરું તાજું જમતાં;જમે કાકડિયો જોઈ કાજુ જમતાં;
દાળ દાળિયા ને મમરા " ધાણી બાજરી તલ ખરા "૪૬
પોંક બાજરા ઘઉંનો " ચણા ગુદલીનો[૧] ઉનો "
મકાઈને બહુ મેવા " પ્રદેશી મગ ચણા કેવા "૪૭
કાજુ કરા[૨] ટાઢા હીમ " કોમળ નિર્મળ લૈલિમ "
પાકાં ચીભડાં રસાળુ " પાકી આંબલી દયાળુ "૪૮
ફણસ બીજોરાંના કળિયા[૩] " લાગે અન્નાનસના[૪] ગળિયા "
ગુંદા કર્મદાં ટીંબરવા[૫] " પીપર મધ કોઠાં ને મરવા[૬] "૪૯
મીંઢી આવળ મરચાં રાતાં " કઠણ બહુ કસ્તુરી ખાતાં "
થેગ[૭] કંદ[૮] ચંદ[૯] પોળી " જાય નિષ્કુળાનંદ ઘોળી "૫૦

ઇતિ શ્રીહરિસ્મૃતિમધ્યે દ્વિતીયશ્ચિંતામણિ : ॥૨॥

૩. લીલા ચિંતામણિ

દોહા

કરપતર[૧૦] થાળી થાળમાં, ત્રાસળી કટોરા ત્રાંસ;
પનવાડાં[૧૧] પડિયા વાટકા, જમ્યા કનક ઠામે અવિનાશ ॥૧॥
અબખોરા[૧૨] કટોરાં કળસિયા, કઠારી ઝારી તુંબ[૧૩] કમંડળ।
ચળુ કરી ચતુરાઈશું, પીધાં નિર્મળ જળ ॥૨॥

ચોપાઇ ધ્રુવપદી

દાંત સુધારી[૧૪] બેઠા પાટે, ભૂધર ભાળ્યા છે ।
આવ્યા જન પૂજવા માટે ભૂધર ભાળ્યા છે ॥૩॥

૧. જુવાર ૨. વરસાદમાં પડતો બરફ ૩. કળી ૪. અનાનસ ૫. એક ઝાડનું ફળ ૬. કાચી કેરી ૭. એક જાતનું ધાન ૮. મોથ ૯. થેગના મૂળની પોળી ૧૦. હાથનું પાત્ર ૧૧. પતરાળા ૧૨. લોટી ૧૩. તુંબડુ ૧૪. ખોતરી.

ચરચે ચંદન મળિયાગરે ભૂધર; કુંકુમ કસ્તુરી કેસરે ભૂધર;૩
સારી સુખડ શરીરે " જને ચરચી ધીરે ધીરે "
કર્યા કુંકુમના ચાંદલા " શોભે ચોખા ચોડયાં ભલા "૪
હૈયે લલાટે બે હાથે " કર્યા તિલક ચંદ્ર સાથે "
અંગે અંબર[૧] વિના રે'તા " દિગંબર દર્શન દેતા "૫
વનકલ[૨] વાઘાંબર[૩] સુંદરે " મૃગાજિન[૪] ટાંટાંબરે[૫] "
પછી કોપીન કટવેડે[૬] " રાખી અલફી[૭] તારકેડે "૬
ગોદડી ચાદર ચોફાળે[૮] " દીધાં દર્શન દયાળે "
ખેસ ધોતી પોતી પે'રી " ગુઢે[૯] રેંટે ફેંટે લે'રી "૭
સુરવાળ ગૂડકી[૧૦] જામે " જોઈ અંગરખી દુઃખ વામે[૧૧] "
પે'રી આંગીં અંગે[૧૨] વા'લે " કશી કમર દુસાલે[૧૩] "૮
ડગલી સોનેરી રૂપેરી " કિનખાપની[૧૪] જો પે'રી "
ડગલી જરીની પે'રેલ " બોરકસુની[૧૫] બાંધેલ "૯
પટુ[૧૬] પાંબરી[૧૭] ચકમે[૧૮] " સાલ દુશાલે દુઃખ શમે "
બોરી ચોફાળ[૧૯] રૂમાલે " પે'ર્યો રાતો રેંટો[૨૦] વાલે "૧૦
ડગલી ગરમ[૨૧] પોસની પે'રિયે " પાઘ કસુંબી સોનેરિયે "
વસ્ત્ર અત્તારમાં રસબસે " બોકાની પાઘડિયે ધસમસે "૧૧
મુગટ કુંડળ મોળિડે " કસુંબી ફેટે કંકોલીડે[૨૨] "
પાઘ મુગલી[૨૩] મરેઠીયે " સુરતી કાઠીની સોરઠીયે "૧૨

૧. કસબી વસ્ત્ર ૨. શણનું કાપડ ૩. વ્યઘ્રચર્મ ૪. મૃગચર્મ ૫. કંતાનનું કપડુ ૬. કેડ પર બાંધેલ વસ્ત્રનો ટુકડો ૭. ટૂંકી બાંયનું કુરતું ૮. ઓઢવાની ચાદર ૯. ઘાટો ૧૦. ચોરણી ૧૧. દૂર થાય ૧૨. કસુવાળી કફની ૧૩. શાલ ૧૪. જરીબુટાનું વસ્ત્ર ૧૫. બોરીયાવાળી ૧૬. ગરમ કપડું ૧૭. પછેડી ૧૮. ઉનનું જાડુ કપડું ૧૯. ચોકડી પાડેલ ઓઢવાનો ચોફાળ ૨૦. ફેંટો ૨૧. કાપડની જાત ૨૨. લાલ રંગ. ૨૩. મોગલ/મરાઠાની પાઘડી.

ટોપી કચ્છ કેવડા ફૂલની ભૂધર; ગુંજા[૧] જરિયાન મહામૂલની ભૂધર;
તોરા ગજરા બાજુએ " કંકણ ફૂલ ને કાજુએ "૧૩
ગુંજા રતાંજળી[૨] હારે " અર્ક અનકણના અપારે "
ગુલાબગુલદાવદી માલે " ચંપા ચમેલી વિશાલે "૧૪
ગુલસુમના[૩] ગોટા હજારી " ફેંટો ફુલપછેડી ધારી "
હીરા મોતી મણિ માળે " પના[૪] પીરોજા[૪] પ્રવાળે[૪] "૧૫
ફૂલ કપૂર ને હારે " બાજુ તોરા પવિત્રાં સારે "
સોના પાઘ સોના ઝરમરિયાં[૫] " છોગાં પણ સોનેરી ધરિયાં "૧૬
તોરા શિરપેચ[૬] સોનાને " ખોસ્યા ફુલ સોનાનાં કાને "
સોના દોરો સોના સાંકળિયે " સોના માળા સોના માદળિયે "૧૭
હાર કંઠી પણ કનકને " બલિહારી એ બાનકને[૭] "
હીરા સાંકળી ઝુમણું[૮] " શોભે કાને કુંડળ ઘણું "૧૮
સોના બાજુ સોના કડે " પોંચી વેઢ વીંટી નંગ જડયે "
કરડા[૯] ફેરવા[૧૦] અંગૂઠી " મુદ્રિકા સોનાની દીઠી "૧૯
કટી મેખળાને[૧૧] તોડો[૧૨] " શોભો સોનાનો તે રૂડો "
પે'રી રૂપાની ચાખડિયે " એવા દીઠા છે આંખડિયે "૨૦
ઘમકે ઘુંઘરિયો ખડાયે[૧૩] " ચડતાં પગથિયે ચડાયે[૧૪] "
પે'રી કમળ ફૂલવાળી " ચમકે ચંપાની રૂપાળી "૨૧
સાગ સીસમની પણ સારી " ચરણે ચાખડિયો ચમકારી "
કિશોરી[૧૫] સૂતરને વાણે[૧૬] " મોજડી ઓખાઈ[૧૭] અણવાણે[૧૮] "૨૨

૧. ચણોઠી ૨. રક્તચંદન ૩. જુઈનું ફુલ ૪. મણિઓના પ્રકાર ૫. હળવું વસ્ત્ર ૬. પાઘડી ઉપરની કલગી ૭. પહેરવેશ ૮. કાનમાં પહેરવાનું ઘરેણું ૯. એક આંટાવાળુ આંગળીનું ઘરેણું ૧૦. ત્રણ આંટવાળું આંગળીનું ઘરેણું ૧૧. કંદોરો ૧૨ પગમાં પહેરવાનું ઘરેણું ૧૩. પાદુકા ૧૪. ઉંચે માર્ગે ૧૫. જોડાની જાત ૧૬. જોડા (પગરખા) ૧૭. પગરખાંની જાત ૧૮. પગરખાં વિનાનું.

ખાટય પાટય ને પલંગે ભૂધર; બેઠા ઢોલિયે ઉમંગે ભૂધર;
છપરપલંગ ખાટલે " ખુરશી બાજોઠ પાટલે "૨૩
સાંગામાંચી[૧] સિંહાસને " ગાદી ચાકળે આસને "
મેડે મંચે ડોલ[૨] હીંડોળે " ગોખ વા'ણ[૩] વંડી દેવાલે[૪] "૨૪
કૂબા[૫] ઘર મેડી હવેલી " બેઠા બંગલે શંકા "
મંદિર મંડપ દલિચા[૬] ઢેરે " તંબુ રાવટીએ[૭] બહવેરે "૨૫
અટારી[૮] અગાશી જાળિયે " બેઠા મોહનજી માળિયે "
ઓટે ઓસરી પડસાળે[૯] " દીધાં ત્યાં દર્શન દયાળે "૨૬
બેઠા ચોક ફળી ચોતરે " છાંટી ભૂમિ ફુવારા ભરે[૧૦] "
સારી આસણી[૧૧] સાદરિયે[૧૨] " દરશન કામળી પર કરીયે "૨૭
ગોદડી ગોદડાં ગાદલાં " ત્યાં દર્શન થયાં છે ભલાં "
ઝાડ પા'ડને પાષાણે " બેઠા ભૂમિપર જન જાણે "૨૮
ગાડી વે'લ રથ પાલખીયે " મૂર્તિ મેને[૧૩] બેઠી લખીયે "
ગાડું ચારટ[૧૪] સુખપાલે " જુવે જન વા'લાને વા'લે "૨૯
કરિ[૧૫] કરલિએ[૧૬] બહુ બાજે[૧૭] " સોનેરી સખલાદિ[૧૮] સમાજે "
બેઠા નિજ સેવકને અંશે[૧૯] " જેમ બ્રહ્મા બેઠા હંસે "૩૦
એક સમામાં મુનિ મળી " આવ્યા પૂજા કરવા વળી "
વસ્ત્ર ઘરેણાં, પે'રાવી " ચરચ્યાં[૨૦] ચંદન સુંદર લાવી "૩૧
ધૂપ દીપ પુષ્પહારે " કરી પૂજા બહુ પ્રકારે "
પછી ઉતારી આરતી " કરી ધુન્ય સ્તુતિ અતિ "૩૨

૧. નાની ખાટલી ૨. પાલખી ૩. વહાણ ૪. દેવાલય ૫. ઘુંમટવાળુ ઘાંસનું ઝૂપડું ૬. ઓટલો ૭. નાનો તંબુ ૮. ઝરૂખો ૯. રહેણાંકનો આગળનો ભાગ ૧૦. ઘાંસ કે લાકડાનું ભરેલું ગાડુ ૧૧. આસનીયું ૧૨. સાદડી ૧૩. ઘુંમટવાળી પાલખી ૧૪. ચાર પૈડાની બગી ૧૫. હાથી ૧૬. ઉંટ ૧૭. ઘોડે ૧૮. શંખલાના શણગારથી સજજ કરેલ ૧૯. ખભે ૨૦. (કપાળે) ચોપડ્યા.

પછી પ્રભુ થયા પ્રસન્ન ભૂધર; મળ્યા નિજજનને જીવન ભૂધર;
ચરચ્યાં ચરણ બે ચંદને " લીધાં ઉર વચ્ચે નિજજને "૩૩
છાપી નિજજનની એમ છાતી " પછી બેસારી પંગતી "
બેઠા પંગતે મુનિરાજ " આવ્યા પીરસવા મહારાજ "૩૪
પીરસે પંગતમાં હરિ પોતે " જન તૃપ્ત ન થાય જોતે "
લાડુ જલેબી લઈને " જાય જોરાજોર[૧] દઈને "૩૫
બહુ પીરસે પ્રેમે કરી " ફરે પંગતમાં ફરી ફરી "
લેઈ લેઈ ભોજનનાં નામ " આપે ઘણે હેતે ઘનશ્યામ "૩૬
લીધા લટકે લાડુ હાથ " નિજજન જમાડે નાથ "
માસુખ[૨] મુખમાં મોદક આપે " વળી મસ્તક ચરણે છાપે "૩૭
દેતા દહી દૂધ દોવટે[૩] " ન આપે ખાંડ સાકર કર[૪] મોટે "
પે'રી પછેડી ખેસની " શોભા શી કહું વેષની[૫] "૩૮
ચાલે ઉતાવળા ચટકે[૬] " પે'રી ગૂડકી નાડી લટકે "
ફરે પંગતમાં બહુ ફેરા " પીરસે પાક પોતે ઘણેરા "૩૯
એમ જોરે જન જમાડે " પીરસી પીરસી હાર પમાડે "
એમ જમાડયા જન જયારે " કર પગ ધોયા તે વારે "૪૦
પછી ઉતારે પધાર્યા " નિજજન મન-મોદ[૭] વધાર્યા "
ત્યાં ઢોલીયો ઢાળોલ " તેપર પાથરણા પાથરેલે "૪૧
સુંદર ગાદલાં ગોદડે " ઓછાડ ઓસિસાં[૮] રૂડે "
મેલ્યાં ગાલમસુરિયાં ગાલે " ચાંપે ચરણ નિજજન વાલે "૪૨

૧. બળજબરીથી ૨. સુંવાળા ૩. બમણું ૪. મોટા હાથે (વધારે) ૫. પહેરવેશનો દેખાવ ૬. ચતુરાઈએ ૭. મનનો હર્ષ ૮. ઓશીકું.

શીત ઋતુમાંહિ સારી ભૂધર; તાપે સુખડયે સુખકારી ભૂધર;
ચકમો[1] ચોફાળ રજાઈ " ઓઢી પછેડી તે માંઈ "૪૩
ઉષ્ણ ઋતુમાં અવિનાશી " શીતળ જળ પીતાં સુખરાશી "
પંખા કરતાં સેવક પાસે " શીતલ ચંદન ચરચ્યાં દાસે "૪૪
ચોમાસામાં ચઢી ચાખડીયે " સુંદર સારી કર લાકડિયે "
ઓઢી કામળી સુંવાળી " ધારી છતરી રૂપાળી "૪૫
આવી બેઠા સભામાંય " જન સર્વે લાગ્યા પાય "
ત્યાં પરિયંક[2] પાથરણે " બેઠા રસિયો રાજીપણે "૪૬
તે પર ઓછાડ સોરંગી[3] " બેઠા તકિયાને ઓઠંગી[4] "
નિરખી જન મન મગન થયાં " સુંદર હાર પે'રાવ્યા તિયાં "૪૭
પછી ત્યાગી ગૃહી દાસે " પૂછ્યા પ્રશ્ન પ્રભુ પાસે "
તેનો ઉત્તર કરતાં આપે " કર લટકાં કરી દુઃખ કાપે "૪૮
રૂડા પ્રશ્નને સાંભળી " ઉઠયા જનને મળવા વળી "
મળ્યા ત્યાગીને બહુ ભાતી[5] " પછી છાપી ચરણે છાતી "૪૯
પછી સત્સંગી સુખસીમા " લીધાં તેણે ચરણ છાતીમાં "
એવાં અલૌકિક સુખ દેતાં " આનંદ નિષ્કુળાનંદ લેતાં "૫૦

ઇતિ શ્રીહરિસ્મૃતિમધ્યે તૃતિયઃશ્ચિંતામણિ ॥૩॥

૧. ઉનનો ધાબળો ૨. પલંગ ૩. સારા રંગવાળો ૪. ટેકો દઈને ૫. વિવિધ પ્રકાર.

૪. દર્શન ચિંતામણિ

દોહા

પછી વાજાં લઈ વિધવિધનાં કર્યું ગવૈયે ગાન ॥
તે ભેળા ભળી હરિ, ત્રોડે ત્રુગટિ[૧] તાન ॥૧॥
સંત સહુ ઉભા થઈ રચ્યો મનોહર રાસ ॥
ફરે કરે કીર્તનને, તે ભેળા ફરે અવિનાશ ॥૨॥

ચોપાઇ ધ્રુવપદી

દીવોદીવીને અજવાળે,દંગે[૨] દીઠા છે ॥
હાંડી[૩] ફાનસે રુપાળે દંગે ॥
ઝાડ[૪] મેતાબ[૫] ઉજાસે દંગે; શશી સૂરજને પ્રકાશે દંગે;૩
બળતી અગ્નિ બપોરિયે[૬] " ગમતી દેહ ઘણું ગોરિયે[૭] "
ઉઘડી રાત્ય ઉડુગણ[૮] તેજે " એહ વિના ઉજાસે બીજે "૪
વસંતે વસ્ત્ર પે'રી વસંતિ " ખાંત્યે[૯] ખેલ કરતાં અતિ "
અબિર ગુલાલ નાખતાં " શોભા ન જાયે કે' ભાખતાં "૫
કર લઈ ગુલાલ ગોટા " નાખે નિજજન પર જોઈ મોટા "
વળી પિચકારી નાખતા " કરતાં ખેલ બહુ મન ગમતા "૬
રંગ તાસળી તાંબડિયે " ઘણો ભરી ગાગરડિયે "
રંગભીનો રમતા રંગે " પોતાના સખા સંગે "૭
સર્વે સખા રસબસ કરતાં " દઈ તાળી ધૂન્ય ઓચરતાં[૧૦] "
રમતા રમતાં વસ્ત્ર અંગના " થયાં સર્વે રાતા રંગના "૮

૧. એક પ્રકારનું નૃત્ય ૨. નજરે ૩. પારદર્શક વાસણમાં લટકતો દીવો ૪. આતશબાજી ૫. દારૂખાનુ અથવા મશાલ ૬. ગંધક અને દારૂ સળગાવવાથી થતો પ્રકાશ ૭. રૂપાળા ૮. તારામંડળ ૯. ઉમંગે ૧૦. બોલતા.

કર ચરણ મુખ રંગેલે દંગે; શોભે આંખ્યો તેજ ભરેલ દંગે;
રમતા કુસ્તી મલની સાથે " ના'વા જાતાં સંત સંગાથે ન "૯
ચઢયા ઘણે મૂલે હરિ ઘોડે " સર્વે સખા ચાલ્યા જોડે "
નાહ્યા નિર્મળ જળમાં જઈ " ત્યાં કરી લીલા કંઈ "૧૦
ના'તાં ના'તાં સખા સાથે " બહુ નીર ઉછાળે હાથે "
પછે નાહી નીસર્યા બા'રે " પેર્યા કોરાં વસ્ત્ર ત્યારે "૧૧
કર્યો કુંકમનો ચાંદલો " બહુ શોભે છે તે ભલો "
નાહી નાથ આવ્યા ઉતારે " કર્યાં દાસે દર્શન ત્યારે "૧૨
ના'તા નદી નદ[૧] તળાવે " કુંડ કૂવા સાગર વાવે[૨] "
સમૈયા ઉત્સવ કરતાં " મેળામાંહિ ઘોડે ફરતાં "૧૩
મહારુદ્ર[૩] અતિરુદ્ર[૪] માંહિ " કરી ચોરાશી[૫] પણ તાંહિ "
બ્રહ્મભોજન કરાવ્યાં ભારે " ખટ્માસ[૬] સુધી એક વારે "૧૪
કર્યો વૃંદાનો[૭] ત્યાં વિવા " ફર્યા ફુલેકામાં[૮] એવા "
ધરી ઢાલ અલૌકિક અસિ[૯] " છડી[૧૦] લાકડી વળી વંસિ[૧૧] "૧૫
ખેલે[૧૨] સાંગ[૧૩] કમાન તીરે " બાંધ્યો કટાર મહાવીરે "
પેચકબજ[૧૪] કટારીયે " છત્ર ચામર અબદાગરીયે[૧૫] "૧૬
વળી ચાલતા હરિ વાટે " સરિતા સાગર ને ઘાટે "
રસ્તે વણરસ્તે[૧૬] વિચરતાં " વળી રાત્ય દિવસે ફરતાં "૧૭

૧. જમીનમાંથી પાણી આવતું હોય તેવો પાણીનો ધરો ૨. પગથિયાવાળો કૂવો ૩. અગીયાર વખત લઘુરુદ્ર કરવો તે ૪. અગીયાર મહારૂદ્ર મળી થતો યજ્ઞ ૫. સમસ્ત બ્રાહ્મણ જ્ઞાતીનું જમણ ૬. છ માસ ૭. તુલસી ૮. વરઘોડો ૯. તલવાર ૧૦. સુશોભિત મૂઠીવાળી પાતળી સોટી ૧૧. વાંસળી ૧૨. નાનું હથિયાર ૧૩. બરછી જેવું હથિયાર ૧૪. વાંકી પહોળી ભારે અને સોનાના મુંઠવાળી તલવાર ૧૫. રાજચિહ્ન ૧૬. રસ્તા વગર .

તાઢ તટકામાં સંઘ સાથે દેગે; ચાલે મેઘ વરસતાં માથે દેગે;
આંબા આંબલી છાંયડે " આસોપાલવ પીપર વડે "૧૮
પીપળ બકુળ[૧] બોરસડીયે " બીજાં બહુ તરુ બોરડિયે "
ઠાકોર મંદિર કરવા કાજે " લીધી માથે ઈંટ મહારાજે "૧૯
પથર કેલ[૨] મૃત્તિકા માથે " લઈ ચાલે સખા સાથે "
એમ હરિમંદિર કરાવી " માંહિ મૂર્તિયો પધરાવી "૨૦
વળી હરિમંદિરને ફરતા " સો સો પ્રદક્ષિણા કરતાં "
જોતાં મૂર્તિ સુંદર સારી " ધાતુ પાષાણ[૩] પટ[૪] પ્યારી "૨૧
તેને દંડવત જો કરતા " વળી સામું જોઈબહુ રે'તાં "
જમતા પ્રસાદી બહુ પ્રીતે " તુલસીદળ નિર્મળ સમીતે[૫] "૨૨
પીતાં દૂધ પડતો દોરો[૬] " પીધું ઘૃત ભરી કટોરો "
વળી ઉત્સવ સમૈયા માંહિ " આવ્યા દાસ હજારો ત્યાંહિ "૨૩
કરે દર્શન પૂજા દાસ " તેનું ગ્રહણ કરે અવિનાશ "
પૂજી સ્પર્શી લાવો લીધો " તેણે જન્મ સફળ કરી લીધો "૨૪
જોઈ નાથ સમાધિ થઈ " પડયાં પ્રાણ નાડી વિના કંઈ "
ના'વે સમાધિથી બા'રે " વણ ભણે વેદ ઉચ્ચારે "૨૫
વળી દેખે અક્ષરધામ " લિયે ગોલોકનું નામ "
શ્વેતદ્વીપ વૈકુંઠ દેખે " બ્રહ્મપુર કૈલાસ પેખે[૫] "૨૬
વળી વિશાળાનાં[૭] વાસી " દેખે છે જન તે સુખરાશી "
જગાડે સમાધિમાંથી જયારે " કરે વાત ધામની ત્યારે "૨૭
તે સાંભળી સુખધામ " હસે મંદમંદ ઘનશ્યામ "
મુમુક્ષુને સાધુ કરતાં " નંદપદવી નામ ધરતાં "૨૮

૧. ચંપો ૨. કેળવેલો ચુનો ૩. પથ્થર ૪. ચિત્રામણ ૫. સહિત ૬. દૂધની સફેદ રેખા ૭. બદ્રિકાશ્રમ.

કહે દેશ પ્રદેશ ફરજયો દંગે; સ્વામિનારાયણ ઉચ્ચરજયો દંગે;
કથા કીર્તન જે કા'વે " સુણે હરેહરે કરી ભાવે "૨૯
કાવ્ય કવિની સાંભળતાં " માળા તુલસીની ફેરવતાં "
સુખડય સુત્રની પણ સારી " ફૂલમાળા પર બલહારી "૩૦
શહેર પુર ગામ ઘોષે[૧] " ફૂલવાડી વાડી નેસે "
ખેત્ર[૨] ખળામાં મહારાજ " તેનાં કામ કરાવા કાજ "૩૧
રાજા રાંક ને ભુવને " શેઠ શાહુકાર સદને[૩] "
લોક પટેલને ઘેરે " બ્રહ્મસભામાં બહુ[૪] વેરે "૩૨
કોય રોગી જોગી જાણી " જાય પોતે તિયાં તાણી "
ખરી ખબર એની લેતાં " દિયે સુખ થાય જે દેતાં "૩૩
ભૂખ્યો પ્યાસો હોય કોઈ પ્રાણી " આપે અન્ન જળ દુઃખિયો જાણી "
દીન ઉપર દયા ઘણી " જેનો કોય ન હોય ધણી "૩૪
વળી મોટાના મોબતી[૫] " જન સારાના સોબતી "
જાતાં વિવા' વરામાંહી[૬] " જઈ આવે પોતે ત્યાંહી "૩૫
કેને ઘેર થયા મેમાન " કર્યું બહુ તેણે સનમાન "
વળી મે'માન રાખતાં " તેની અવળાઈ[૭] સાંખતાં[૮] "૩૬
માંદાને જોવા જાતાં " વળી વઢતાંને વારતાં "
સબળ નિર્બળને સંતાપે " તેતો ખમી ન શકે આપે "૩૭
દુઃખી ગરીબની ગમ[૯] લેવી " હરિની સહજ પ્રકૃતિ એવી "
કેને પ્રસાદી આપતાં " દર્શન દઈ દુઃખ કાપતાં "૩૮
કેને ફૂલહાર દિયે વસ્ત્ર " ઘોડાં ઘરેણાં ને શસ્ત્ર "
કેને ગાયો મહિષી[૧૦] રૂપૈયા " કોરી[૧૧] કણ[૧૨] ન જાય કહ્યા "૩૯

૧. નેહડો. ૨. ખેતર. ૩. ઘર ૪. બહુવાર ૫. મહોબ્બતવાળા ૬. જમણવાર ૭. આડાઈ ૮. સહન કરતા ૯. દુઃખ દૂર કરવું ૧૦. ભેંસ ૧૧. નાણું ૧૨. અનાજ.

જમાડે સાધુને સુખકારી દંગે; જમે સાંખ્યયોગી સંસારી દંગે;
બ્રાહ્મણ બ્રહ્મચારી ભેખધારી " જમાડયાં રાંક મઉ[૧] નરનારી "૪૦
મઉને વસ્ત્ર રૂપૈયા દીધા " બહુ દુઃખિયા સુખિયા કીધા "
ભાટ ચારણ ઢાઢી[૨] લંગાં[૩] " રાવલ[૨] રાસલિયાં[૨] જનમંગા[૪] "૪૧
તેને વસ્ત્ર ઘરેણાં ઘોડાં " આપ્યાં ઘણાં નહિ કાંય થોડાં "
વાવ્ય કુંડ કૂવા તળાવે " તેતો પ્રભુ પોતે ગળાવે "૪૨
પર્વ[૫] સદાવ્રત બંધાવ્યાં " આપ્યાં અનાવટે[૬] અન્ન ભાવ્યાં "
જ્ઞાન વૈરાગ્ય ને ધર્મ " કે'તાં ભક્તિનો વળી મર્મ "૪૩
પંચ વિષય પરાજય કરી " જીવને ભજાવતાં હરિ "
કેનેક[૭] કે'વું ઘટે તે કે'તાં " કોયનું સાંભળી પણ લેતાં "૪૪
હસતાં રમતાં નાં'તાં ખાતાં " ઘોડાં ખેલવી કૂદડી ફરતાં "
ધીરા ઉતાવળા પગ ધરતાં " વળી કરનાં લટકાં કરતાં "૪૫
જાતાં વળતાં ગાતાં કે'તા " નીર ખીર અમીરસ પીતાં "
આસન કરતાં મૂન્ય[૮] ગ્રહેતાં " ઉદાસી રહે સૂઈ જાગતાં "૪૬
પ્રકરણ ફેરી ધર્મ થાપતાં " કરતાં નિજજનને નિમ[૯] રતા "
ગિરિ ગહવર[૧૦] વન ઉપવને " જોયાં દેશ પ્રદેશે જીવનને "૪૭
તાપસ વેષે[૧૧] દેશ કેશ શીશે " એમ જીવ બહુ ઉપદેશે "
નાસાગ્રે[૧૨] વૃત્તિ વણ સમરતિ[૧૩] " આંખ્ય મટકું પણ ન ભરતી "૪૮
પ્રાણાયામ કરતાં યોગ શિખતાં " યોગકળા દેખાડી દેતાં "
એવી અનેક રૂડી રીતે " ચિંતવું છું મૂર્તિ ચિત્તે "૪૯
સૂતાં બેઠાં ને જાગતાં " જાય દન એમ ચિંતવતાં "
તેણે રહે છે અતિ આનંદ " એમ કહે નિષ્કુળાનંદ "૫૦

ઇતિ શ્રીહરિસ્મૃતિમધ્યે ચતુર્થશ્ચિંતામણિઃ ॥૪॥

૧. કંગાલ લોકો ૨. એક પ્રકારના માંગણ ૩. લંગડા ૪. મુંગા ૫. પાણીના પરબ ૬. વટેમાર્ગુ. ૭. કોઈકને ૮. મૌન ૯. નિયમ પરાયણ ૧૦. પર્વત ગુફા ૧૧. તપસ્વી વેશે ૧૨. નાકના અગ્રભાગે ૧૩. ભુલ્યા વગર.

૫. માહાત્મ્ય ચિંતામણિ

દોહા

એમ નખશિખમૂર્તિ નાથની, સમરતાંસુખ થાય ॥
અહોનિશ[૧] ઉરમાં ધારતાં, કરવું રહે ન કાંય ॥૧॥
ચરિત્ર સર્વ ચિંતવી, મૂરતિ ધારે મન ॥
કાળ માયા કર્મનું, વ્યાપે નહિ વિઘન ॥૨॥

ચોપાઇ ધ્રુવપદી

મૂર્તિ તમારી સુખકારી જીવન જાણું છું, ।
છો અવતારના અવતારી જીવન જાણું છું ॥

મહાસમર્થ છો મહારાજ જીવન; વળી આપે રાજાધિરાજ જીવન;૩
પુરુષોત્તમ પૂરણબ્રહ્મ " તમને નેતિ કહે[૨] નિગમ[૩]"
વાસુદેવ દયાળુ સ્વભાવ " મહાપુરુષ મહાનુભાવ"૪
નારાયણ નિર્વિકારી " મહા પરમ મંગળકારી"
ભક્તભયહારી ભગવાન " આપ્યાંઆશ્રિતનેઅભયદાન"૫
સચ્ચિદાનંદ દિવ્યમૂર્તિ " જેને અતિ અગમ[૪] કહે શ્રુતિ"
છો પરમ કલ્યાણકારી " એવી નૌત્તમ[૫] મૂર્તિ ન્યારી"૬
તમે કોટિ બ્રહ્માંડાધીશ " વળી સર્વે તણા છો ઈશ"
ધર્મ ધુરંધર ધન્ય ધન્ય " ભક્તિ ધર્મના નંદન"૭
અલૌકિક મૂર્તિ આપે " જોએ જનમ મરણ દુઃખ કાપે"
તમે કાળ માયાના નિયંતા " છો ગુણસાગર ગુણવંતા"૮

૧. રાત્રિ દિવસ ૨. અંત વિનાનું ૩. વેદ ૪. અગોચર ૫. જેનાથી બીજુ કોઈ ઉત્તમ નથી તે.

તમે ભવ બ્રહ્માના સ્વામી જીવન; અકળ મૂર્તિ[૧] અંતરજામી જીવન;
પતિતપાવન[૨] અશરણશરણ " અધમઉદ્ધારણ અઘહરણ[૩] "૯
નખશિખ મૂર્તિ મંગળરૂપ " આવે જોએ સુખ અનૂપ "
આનંદ પાવ આનંદ કર " આનંદમાં મુખ મનોહર "૧૦
આનંદ રૂપ અનુપમ એવું " સૌજનને જોયા જેવું "
આનંદ વસન[૪] ભૂષણ અંગે " આનંદ આપો છો ઉછરંગે[૫] "૧૧
કૃપાસિંધુ છો ઘનશ્યામ " ક્રોધ લોભ નિવારણ કામ "
પરમાત્મા પૂરણબ્રહ્મ " નીલકંઠ કહે નિગમ "૧૨
જીવ ઈશ્વરના છો સ્વામી " વળી સર્વે ધામના ધામી "
ક્ષર અક્ષરથી છો પર " અક્ષર બ્રહ્મ તમારું ઘર "૧૩
કાળ માયા તમારી શક્તિ " ન કરો બહુ કારજ[૬] એ વતી "
કોટિ બ્રહ્માંડને કરે છે " ઉત્પત્તિ સ્થિતિ ને હરે છે "૧૪
તેના નિયંતા છો તમે " સત્ય સ્વામી જાણ્યા અમે "
કારણના કારણ કહીયે " કાળના પણ કાળ લહીયે[૭] "૧૫
આત્માના આત્મા છોજી " પ્રાણના પણ પ્રાણ છોજી "
તમે ઈશ્વરના ઈશ્વર " અંતરજામી છો અઘહર[૮] "૧૬
સર્વેના છો સાક્ષી સાર " સકળ[૯] ફળના દેનાર "
સ્વયં જયોતિરુપ રાજો[૧૦] " માયાગુણથી પર બીરાજો "૧૭
નિરાકાર નિરંજન કહે છે " તે શું તમારી ગતિ લહે[૧૧] છે "
છો અખંડ અવિનાશી " માયારહિત છો સુખરાશી "૧૮

૧. કળી ન શકાય તેવું ૨. બીજુ કોઈ જેનું શરણ નથી એવાના શરણ ૩. પાપ હરનાર ૪. વસ્ત્ર ૫. ઉમંગથી ૬. કાર્ય ૭. જાણીએ. ૮. પાપ હરનાર ૯. બધાજ ૧૦. પ્રકાશવું ૧૧. લેવું.

તમારી મૂર્તિનું પરિમાણ[૧] જીવન; કરી શકે શું અજાણ જીવન;
ચાર મુખે જો બ્રહ્મા ભાખે[૨] " પાંચ મુખે શિવ કહી દાખે[૩] "૧૯
સહસ્ત્ર મુખે કહે શેષ " ષડાનન[૪] ગાય ગણેશ "
તોય કોયે ન પામે પાર " એવી મૂર્તિ છે અપાર "૨૦
સર્વે શાસ્ત્ર પુરાણ માંયે " ગુણ તમારા ગવાયે "
સર્વે દેવ વંદન કરે છે " વેદ સ્તુતિ ઉચ્ચરે છે "૨૧
એવા સમર્થ સહુના સ્વામી " સહુ રહે છે શીશ નામી "
તમારો ભય ભૂમિને ભારી " તેણે રહી છે લોકને ધારી "૨૨
તમારા ભયે[૫] સમે તરુ ફળે[૬] " ફૂલ ફળ વન સઘળે "
તમારા ભયથી શેષ હંમેશે " ચૌદ લોક ધાર્યા છે શિશે "૨૩
તમારા ભયથકી સાક્ષાત " વસુ[૭] વરસાવે વરસાત "
તમારા ભયથી સુર્ય શશી " ફરે કાળશક્તિ અહોનિશી "૨૪
તમારા ભયે બ્રહ્માંડે મૃત્યુ " રહે છે સદા સર્વત્ર ફરતું "
બ્રહ્મા વિષ્ણુ શારદા શિવ " રહે છે મરજીમાં તતખેવ[૮] "૨૫
છે એક એક બ્રહ્માંડાધીશ " તે પણ નમાવે છે શીશ "
એવા છોજી એક નિયંતા " સહુ રહે છે તમથી ડરંતા "૨૬
એવામોટા છો મહારાજ " તે મળ્યા છો મને આજ "
તેતો નાથ કરી છે દયા " તે ગુણ કેમ કરી જાય કહ્યા "૨૭
તમે મે'૨[૯] મુજ પર કીધી " વળી બુડતાં બાંહ્ય[૧૦] ગ્રહી લીધી "
જેજે કર્યો તમે ગુણ " બીજો કરે એવો કુંણ[૧૧] "૨૮
તમે બિરુદ પાળ્યું તમારું " જોયું નહિ કર્તવ્ય અમારું, "
તમે ગર્ભવાસ ત્રાસ ટાળ્યો " એતો આડો આંક[૧૨] જ વાળ્યો "૨૯

૧. માપ ૨. બોલે ૩. દેખાડે ૪. છ મુખવાળા કાર્તિક સ્વામી ૫. ઋતુએ ૬. વૃક્ષ ફળ આપે ૭. ઈન્દ્ર ૮. તત્કાળ .૯. મહેર ૧૦. હાથ ૧૧. કોણ ૧૨. કોઈ ન કરે તેવું કરવું.

જનમતાં જતન[૧] કીધી જીવન; મારી બહુનામી બહુવિધિ[૨] જીવન;
ખાન પાન ખબર રાખી " શું હું દેખાડું કહી દાખી[૩] "૩૦
આજ સુધી પણ અમારી " રાખો છો ખબર સારી "
પળેપળે કરો પ્રતિપાળ " એવો બીજો કોણ દયાળ "૩૧
વળી અંતકાળે આવો છો " રથ વે'લ[૪] વિમાન લાવો છો "
વળી ઘણે મૂલે[૫] ચઢી ઘોડે " આવો છો સખા લઈ જોડે "૩૨
એમ અલબેલાજી આવો " દેહ દાસતણું મુકાવો "
તેને તેડી જાઓ છો સાથે " બેસારી રથ વિમાન માથે "૩૩
તેને આપો છો અક્ષરધામ " થાય છે જન તે પૂરણકામ "
બીજો એવો કોણ કૃપાળુ " તમ વિના દીઠા નહિ દયાળુ "૩૪
તમે દીનતણા છો બંધુ " સુખકારી સુખના સિંધુ "
તમે નાથ અનાથ જનના " તમે મહેરબાન છો મનના "૩૫
તમે નોધારાના[૬] આધાર " તમે દુર્બળના દાતાર "
તમે ભક્તના ભય હરતા " નિજજજને નિર્ભય કરતા "૩૬
તમે સંત જનના સ્નેહી " કાપો કષ્ટ પડે જે જેહી "
તમે દાસતણાં દુઃખ કાપી " કર્યા સુખિયા સુખ જ આપી "૩૭
એવા ભક્તવત્સલ ભગવાન " દીધાં આશ્રિતને અભયદાન "
તમે અશરણના છો શરણ " દુઃખ ટાળી સુખના કરણ "૩૮
નિજજનનાં સુખ સારું " ઈયાં[૭] આવવું છે તમારું "
તમે અગમ સુગમ થઈ " આવી જન ઉદ્ધાર્યા કંઈ "૩૯
તમે નરતન[૮] ધરિયું નાથ " સર્વે સામગ્રી લઈ સાથ "
દઈ દર્શ સ્પર્શનું દાન " નિર્ભય જન કર્યા નિદાન[૯] "૪૦

૧. કાળજી ૨. અનેક પ્રકારે ૩. દેખાડી ૪. રથ અને વેલડું ૫. મુલ્યવાન ૬. આધાર વિનાના ૭. અહીંયા ૮. મનુષ્યતન ૯. નક્કી.

મૂર્તિ તમારી મહારાજ જીવન; સરે[૧] સહુનાં જોઈ કાજ જીવન;
દર્શ સ્પર્શ[૨] જે તમારો " મહા મોટું સુખ દેનારો "૪૧
મળવું તમારું છે મોઘું " તેતો સહુને થયું છે સોઘું "
કિયાં અમે કિયાં આપ " કીડી કુંજર[૩]નો મેળાપ "૪૨
સહુના નાથ તમે નિયંતા " સર્વાધાર સર્વના કરતા "
સર્વે પર છો સર્વેશ્વર " સહુના પ્રેરક પરમેશ્વર "૪૩
કયાં તમે ને કયાં અમે " તેતો કૃપા કરી છે તમે "
તમેઅઢળક ઢળ્યા છોઆજ " મહામે'ર કરી મહારાજ "૪૪
દેખી દુઃખીયા અતિ દાસ " તમે આવ્યા છો અવિનાશ "
કરવા અનેકનો ઉદ્ધાર " સહુ જનની લેવા સાર[૪] "૪૫
એવી તકમાં હું પણ આવ્યો " મારો ફેરો સફળ ફાવ્યો "
મારાં સરિયાં સર્વે કાજ " તેતો તમે મળ્યે મહારાજ "૪૬
દુઃખ દરિયામાંથી તાર્યો " વળી અધમને[૫] ઉદ્ધાર્યો "
મારા સાચા છો સનેહી " જોઈ જોઈ જોયું તેહી "૪૭
ખરી વેળાનો ખજીનો[૬] " છો દામ દોયલા દિનો "
મારા મરણ ટાણાની મૂડી " વળી ભવસાગરની હુંડી[૭] "૪૮
એહ ભરોંસો છે મોટો " તેતો કે'દી ન થાય ખોટો "
બદલે નહિ બિરુદ તમારું " શીદ શંકા મનમાં ધારું "૪૯
છે અચળ મારે આશરો " ખરા દિનમાં ખરાખરો "
મૂર્તિ તમારી મીરાંથ[૪] મારી " નહીં મેલું હું હવે ન્યારી "૫૦
રાખીશ જીવ સાથે હું જડી " નહીં મેલું હું અળગી[૮] ઘડી "
તેમ નહીં મુકાય તમ થકી " કહે નિષ્કુળાનંદ નકી "૫૧

ઇતિ શ્રી હરિસ્મૃતિમધ્યે પંચમઃ ચિંતામણિઃ ॥૫॥

૧. સફળ થાય ૨. દર્શન ૩. હાથી ૪. સંભાળ ૫. નીચ ૬. ખજાનો ૭. હોડી ૮. દૂર.

૬. સુખ ચિંતામણિ

દોહા

એહ ભરોસો ભીતરે, અચળ છે ઉરમાંય[૧] ।
શરણાગતની શ્યામળા, સદા કરો છો સહાય ॥૧॥
સુખના સાગર શ્રીહરિ, સદા સર્વદા શ્યામ ।
નિજજનના નિધિ નાથજી, પુરુષોત્તમ પૂરણકામ ॥૨॥

ચોપાઇ ધ્રુવપદી

મૂર્તિ તમારી મહારાજ, સુખકારીજી ।
સૌ જનનો સુખ સમાજ સુખકારીજી ॥

સાકાર મૂર્તિ સુખભંડાર સુખ; સ્પર્શી બહુ પામ્યા ભવપાર સુખ;૩
પ્રગટ મૂર્તિ પ્રતાપે " સુરાસુર[૨] ઉધ્ધાર્યા આપે "
જે જે પ્રગટ પ્રસંગ પામ્યા " તેના સર્વે સંકટ વામ્યાં[૩] "૪
તમથી સરિયા[૪] સૌના કામ " તમે સૌના સુખ વિશ્રામ "
સ્પર્શી પગ અંગુઠો હવી[૫] " જન બહુ તારણ જાહ્નવી[૬] "૫
વળી પદરજ સ્પરશી શલ્યા[૭] " થઈ ગૌતમ તરુણી[૮] અહલ્યા "
એવો પદરજનો પ્રતાપ " ટળ્યો તરત તેનો સંતાપ "૬
વળી પદ સ્પર્શતાં કાળી[૯] " થયો નિર્ભય ભવભય ટાળી "
વૃંદાવનનાં વેલી વન " થયાં પદરજથી પાવન "૭
ઉદ્ધવ અક્રુરને મન પ્યારી " એવી પદરજ છે તમારી "
પગ પાવન પ્રીતે જોઈ " તુલસી રહી છે ત્યાં મોઈ[૧૦] "૮

૧. હૃદય ૨. દેવો-દાનવો ૩. નાશ પામ્યા ૪. સફળ થયા ૫. થઈ ૬. ગંગા ૭. શિલા ૮. સ્ત્રી ૯. કાલિય નાગ ૧૦. મોહ પામી .

એવાં ચરણ સદા સુખકારી સુખ; ધરે ધ્યાન તેનું ત્રિપુરારી[૧] સુખ;
શેષ સુરેશ[૨] અજ[૩] શશી " અર્ક[૪] અગ્નિથી જે તેજસ્વી "૯
નારદ શારદ[૫] સહસ્ત્ર અઠયાસી " તેપણ હરિ પગના ઉપાસી "
એવા અશરણ શરણ ચરણ " ધારે હરિજન અંતઃકરણ "૧૦
પૂજે જન મળી વળી પ્રીતે " વળી ચિંતવે નિત્ય ચિત્તે "
એવા પગ પાવન છે બહુ " સુખદ[૬] જાણી સેવે સહુ "૧૧
સ્પર્શી પાવન છે પૃથવી " તેણે રાજી રહે નિત્ય નવી "
એવા પાવલિયાને પેખી " દિલડું રિઝે જનનું દેખી "૧૨
જંધા જોઈને ઈન્દિરા[૭] " ચરણ ચાંપે ધીરા ધીરા "
જાનું જુગલ જોઈ જન " સદા સુખી મન મગન[૮] "૧૩
સાથળ સુંવાળી બે સારી " મગન પીઠ ધરી પન્નગારી[૯] "
ઉદર સુંદર અતિ સારું " જોઈ જન ત્યાં રહ્યા હજારું "૧૪
નાભિથકી અજ ઉપજી " પામ્યા મોટપ્ય મનરંજી[૧૦] "
ઉર જોઈ શોભાધામ " કર્યો કમળાએ[૧૧] વિશ્રામ "૧૫
ગળે શોભા જોઈ ઘણી " પામી સુખ ત્યાં કૌસ્તુભમણિ[૧૨] "
મુખે સુખ પામી સરસ્વતી " રહી છે રાજી થઈને અતિ "૧૬
મુખે સુખ પામ્યા કંઈ જન " મુખ સહુનું સુખસદન[૧૩] "
મુખે મોહ્યા મોટા મુનિ " મુખ સુખનિધિ સહુની "૧૭
મુખ જોઈ દુઃખ ટળે છે " આવે સુખ શાંતિ વળે છે "
એવું મુખ સુખનું દેનાર " જેથી સુખ પામ્યા નરનાર "૧૮

૧. શંકર ૨. ઈન્દ્ર ૩. બ્રહ્મા ૪. સૂર્ય ૫. સરસ્વતી ૬. સુખ દેનારા ૭. લક્ષ્મી ૮. આનંદીત ૯. ગરૂડ ૧૦. મનને આનંદ આપનાર ૧૧. લક્ષ્મી ૧૨. સમુદ્ર થકી નીકળેલ રત્ન ૧૩. ઘર.

ભુજા બેઉ સુખના ભરિયા સુખ; મળી તાપ તનના હરિયા સુખ;
કરને લટકે કારજ કીધાં " જોઈ જન મને સુખ લીધાં "૧૯
અભય વર બે રહ્યા હાથે " એવા કર મેલો જન માથે "
કર આંગળી સુખસદન " જેણે ધાર્યો ગોવર્ધન "૨૦
રાખ્યાં ગાય ગોપી ગોવાળ " કરી વ્રજજનની પ્રતિપાળ "
હાથે દાસતણાં દુઃખ હરિયાં " આપી સુખ સુખિયા કરિયા "૨૧
એમ સાકાર મૂર્તિ સંબંધે " સુખિયા આદિ અંતે મધ્યે "
મૂર્તિ વડે મોટપ્પ સહુની " કોણ તપસી[૧] ઋષિ મુનિ "૨૨
મૂર્તિ મેલી મોટપ્પ ઈચ્છે " તેને વાત બની બગડી છે "
શુન્ય[૨] સુમન[૩]ની ન હોય દામ[૪] " મૂર્ખ તેની કરે છે હામ[૫] "૨૩
તેમ મૂર્તિ તમારી મેલી " સુખ સાટે[૬] મળશે શેલી[૭] "
તમે જનના સુખને કાજ " સદા સાકાર છો મહારાજ "૨૪
સાકાર વિના ન સરે કામ " માટે સાકાર છો સુખધામ "
ચાર વેદ વદે એ વાત " પ્રભુ પ્રગટ છો સાક્ષાત્ "૨૫
ષટ શાસ્ત્ર કે' છે ખોળી " મોટપ્પ પ્રગટની વણતોળી[૮] "
અઢાર પુરાણમાં એમ કહે છે " પ્રભુ સદા સાકાર રહે છે "૨૬
સ્મૃતિ શ્રુતિનું એ તાન " સદા સાકાર રહે ભગવાન "
તેણે કરી રહે છે સમુ[૯] " નહિ તો વણસી[૧૦] થાયે વસમું "૨૭
ન રહે એક સ્થિતિ એક રીતિ " સહુ કોઈ આદરે[૧૧] અનીતિ "
ધર્મ ધરા[૧૨] પર ન રહે " સહુ કોઈ અધર્મને ગ્રહે "૨૮
દેવ દાનવ માનવ મુનિ " માને નહિ મરજાદા[૧૩] કોયની "
ચાર વર્ણ આશ્રમ ચાર " સહુ ભ્રષ્ટ થાય નરનાર "૨૯

૧. યોગી ૨. આકાશ ૩. ફુલ ૪. માળા ૫. ઈચ્છા ૬. બદલે ૭. રાખ ૮. અપાર ૯. સરખું ૧૦. બગડ્યું ૧૧. શરૂ ૧૨. પૃથ્વી ૧૩. મર્યાદા.

માટે સહુના ધર્મ રખાવા સુખ; તમે રહો આવાના આવા સુખ;
અધર્મ ઉથાપી ધર્મ થાપો " તમે હરિજનને સુખ આપો "૩૦
તમે ધર્મધુરંધર કા'વો " ધર્મ સારું ધરાપર આવો "
તમે ધર્મતણી છો ઢાલ " ધર્મવર્મ[૧] ધર્મલાલ[૨] "૩૧
ધર્મપાળક ધર્મકુમાર[૩] " તમે સંતજનના શણગાર "
દાસદોષ નિવારણ નાથ " એમ કહે છે સહુ જનસાથ "૩૨
તમે ભક્તતણા ભયહારી " તમે સંતજનના સુખકારી "
કપટી કુટિલ દગાદાર " તેના નાશના કરનાર "૩૩
તમે અધર્મીના અરિ[૩] કા'વો " નમે'રી[૪] ઉપર મે'ર ન લાવો "
કુકર્મી કુબુદ્ધિના છો કાળ " તમો નિજજનનાં પ્રતિપાળ "૩૪
તમારી મૂર્તિ મીરાંથ મોટી " સેવી સુખ પામ્યા કે[૫] કોટિ "
તમારી મૂર્તિ ચિંતામણિ " સમુ ચિંતવે સુખનિધિ ઘણી "૩૫
સંતજન ચિંતવે છે સવળું " અસંત જન ચિંતવે છે અવળું "
જે જે જન ચિંતવે છે જેવું " તે તે ફળ પામે છે તેવું "૩૬
કલ્પતરુ તુલ્ય તમે " ચિંતવે જે જનને જેવું ગમે "
કલ્પતરુ ચિંતામણિ કહિયે " તમને તે ઉપમા કેમ દઈયે "૩૭
તેતો સુખ દુઃખના દેનાર " તમે સદા સુખ ભંડાર "
જોને અસુર અભાગી અતિ " મહા દુષ્ટમય દુરમતિ "૩૮
કરતા મનસુબા મારવા " નિત્ય પ્રત્યે નવા નવા "
તેને મારી મોક્ષ આપી " એવી મૂર્તિ કહી પ્રતાપી "૩૯
માટે મૂર્તિ મંગળમૂળ " એથી પામ્યા સુખ અતૂળ[૬] "
એથી અમંગળ નહિ કેનું " શું શું કહિ દેખાડું તેનું "૪૦

૧. ધર્મરક્ષક ૨. ધર્મના પુત્ર ૩. દુશ્મન ૪. નિર્દય ૫. અનંત. ૬. જેની કોઈ તુલના ન થઈ શકે તેટલું.

મંગળકર ચરણાદિક કહિયે સુખ; મંગળ નખશિખા લગી લહીયે સુખ;
મંગળ ચાલ્ય ચરિત્ર માંનું " મંગળમાં અમંગળ શાનું "૪૧
મંગળ દેવું લેવું એવું " સર્વે મંગળકારી કે'વું "
મંગળકારી વાણી મુખની " મંગળદષ્ટિ કરો છો સુખની "૪૨
સર્વે ક્રિયા મંગળકારી " મંગળ મૂર્તિની બલિહારી[૧] "
મંગળમય મૂર્તિ જેણે જોઈ " તેને ન્યુન ન રહી કોઈ "૪૩
મંગળ મૂર્તિને પ્રતાપ " સ્પર્શે પ્રજળે[૨] પૂરણ પાપ "
મંગળ મૂર્તિને સમરતાં " મટે[૩] સંકટ શ્રીહરિ કરતાં "૪૪
મંગળ મૂર્તિને ચિંતવતાં " કિલ્બિષ[૪] જાય શુભ થાય સેવતા[૫] "
મંગળ મૂર્તિનું ધ્યાન ધરતાં " થાય અંતરમાં સુખ સમતાં "૪૫
મંગળ મૂર્તિના ગુણ ગાવતાં " માટે મેં નથી મૂકાતા "
મંગળ મૂર્તિ જોઈ મનરાતો[૬] " તેણે રહું છું ફુલાતો "૪૬
મંગળ મૂર્તિ જોઈ મેં મને " રાજી રહું છું રાત્ય દને "
મંગળ મૂર્તિ જોતાં મારે " સઈ[૭] ઓછપ્ય છે આ વારે "૪૭
પૂર્ણકામ પ્રગટ પ્રતાપે " એમ મને મનાણું આપે "
તેનો નથી થાપ ઉથાપ " તેતો પ્રગટને પ્રતાપ "૪૮
મૂર્તિ સંભારવા સારું " કરતું મનસુબો મન મારું "
તેતો પૂરણ થયો પ્રમાણ " કર્યાં મૂર્તિના વખાણ "૪૯
હરિસ્મૃતિ થાય હૈયે " માટે હરિસ્મૃતિ કહિયે "
કે'તાં સુણતાં મટે ભવફંદ[૮] " એમ કહે નિષ્કુળાનંદ "૫૦

ઇતિ શ્રી હરિસ્મૃતિ મધ્યે ષષ્ઠઃ ચિંતામણિ ॥૬॥

૧. પ્રભાવ ૨. નાશ પામે ૩. દૂર થાય ૪. પાપ ૫. શાંતિ ૬. મન આનંદીત ૭. કઈ અથવા શું? ૮. સંસારનું બંધન.

૭. મૂર્તિ ચિંતામણિ

દોહા

અલૌકિક મૂર્તિ આજની, ધરી ધર્મકુમાર ।
જોતાં ના'વે જોડયમાં[૧], આ સમ અન્ય અવતાર ॥૧॥
સમર્થ મૂર્તિ સુખભરી, ધરી ન ધરશે કોય ।
સર્વોપરી છે શ્રીહરિ, સહજાનંદ પ્રભુ સોય[૨] ॥૨॥

ચોપાઇ ધ્રુવપદી :

પ્રગટ પ્રબળ મૂર્તિ અચરજકારી છે ।
જેને નેતિ નેતિ કહે શ્રુતિ અચરજકારી છે ॥

અકળ અનુપ અમાપ અચ; કોય કરી શકે નહિ થાપ[૩] અચ;૩
અગમ અતોલ અપાર " નિગમે ન થાય નિરધાર "
શિવ બ્રહ્મા સરખા કહે છે " તોય અતિ અપાર રહે છે "૪
પ્રગટ મૂર્તિનો મહિમાય " સર્વે સુખતણી સીમાય "
મોટપ્ય હરિમૂર્તિની અતિ " કે'તાં કહેવાય નહિ કોયવતી[૪] "૫
જે જે હરિમૂર્તિથી થયું " તે તે મેં ન જાય કહ્યું "
બહુ બહુ થયા ચમત્કાર " તેને કહેતાં ન આવે પાર "૬
જે કોય કે'દી ન સૂણ્યું કાન " તેતો દેખાડયું ભગવાન "
અલૌકિક વસ્તુ લાવે લોકે " તેતો જન સહુ અવલોકે[૫] "૭
અશન[૬] વસન સુંદર માળા " પ્રસાદી દાળ્ય રોટા[૭] રૂપાળા "
તલલાડું તોરા હાર " ફળ ફૂલ અમૂલ્ય અપાર "૮

૧. બરાબરીમાં ૨. તે ૩. ગર્વ અથવા સ્થિતિ ૪. કોઈપણથી ૫. જુએ ૬. ભોજન તથા વસ્ત્ર ૭. રોટલા.

પામે સમાધિયે તે દાસ અચ; જાગે જયારે ત્યારે રહે પાસ અચ;
જેજે આપે સમાધિ માંયે " તેતે લઈ આવે જન આંયે[૧] "૯
અમાયિક માયિકમાં આવે " એથી અન્ય આચરજ[૨] શું કા'વે "
વળી અનેક પરચા આપે " પામે જન પ્રગટ પ્રતાપે "૧૦
તેતો કે'તા ન કે'વાયે " મોટો હરિમૂર્તિ મહિમાયે "
જેજે આ સમાની વાત " તે દીઠી મેં સાક્ષાત "૧૧
સંતદાસ પ્રગટ પ્રતાપ " ગયા જળમાં ના'વા આપે "
દીધી જળમાં[૩] ડૂબકી દાસે " નીસર્યા નરનારાયણ પાસે "૧૨
તિયાં દોઢ માસ રઈ " ત્યાંની ખબર આવ્યા લઈ "
તેતો આચરજ વાત કહેવાય " આ દેહે એમ જવાય "૧૩
વળી ફરી મેલ્યા મહારાજે " હીમાળો[૪] ઉલ્લંધ્યો મુનિરાજે "
આવી પથરા[૫] નદી ત્યાંયે " ઉતર્યા શ્રીહરિની ઈચ્છાયે "૧૪
નાહ્યા માનસરોવર ઘાટે " કૈકે[૬] કારજ કીધાં વાટે "
એહ સામર્થી સ્વામીની " બીજી કહું બહુનામીની "૧૫
એક સચ્ચિદાનંદ સંત " મહામોટા સાધુ અત્યંત "
તેને રૂંધ્યા[૭] ઘરમાં ઘાલી " રાખી ચોકી તાળાં આલી[૮] "૧૬
તેમાંથી નીસરી ગયા " તાળાં તેમનાં તેમ રહ્યાં "
ભૌતિક[૯] દેહ અભૌતિક[૧૦] થયું " એહ કારણ હરિનું કહ્યું "૧૭
વળી હરિમૂરતિ પ્રતાપે " સુખિયા થયા સાધુ આપે "
એક વ્યાપકાનંદ મુનિ " તેપર મે'ર મોટી પ્રભુની "૧૮

૧. અહીં ૨. આશ્ચર્ય ૩ હમીર સરોવર (ભૂજ) ૪. હિમાલય ૫. જેમાં ચાલવાથી શરીર પથ્થર બની જાય. ૬. કેટલાક ૭. અકળાવવા ૮. તાળા બંધ કરી ૯. માયિક ૧૦. દિવ્ય.

સદા રહે મૂર્તિમાંઈ અચ; હરે ફરે હરિઈચ્છાઈ અચ;
વળી જેજે બોલે જિહ્વાય " તેતો તેમનું તેમ થાય "૧૯
એક મૂઈ જીવાડી[1] ઘોડી " એહ વાત નહિ કાંયે થોડી "
વળી વાડવસુત[2] જીવાડયો " પ્રગટ પ્રતાપે ઉઠાડયો "૨૦
તે સામર્થી સહજાનંદની " કહિ કેમ જાય આનંદકંદની[3] "
વળી વ્યાપકાનંદે એક " કાપી કષ્ટ ઉગાર્યો વણિક "૨૧
એવા અનેક અલૌકિક કાજ " કર્યા સંતદ્વારે મહારાજ "
વળી સંત સ્વરુપાનંદ " જેને અંતર સદા આનંદ "૨૨
કરી સમાધિ સંયમિની[4] ગયા " દીઠા જીવ દુઃખિયા તિયાં "
નરકકુંડમાં નરનાર " પાપી પીડાતાં અપાર "૨૩
તેને દેખી દયા આવી " બોલ્યા હરિમૂર્તિ બળ લાવી "
નીસરો નરકથકી સહુબા'ર " પ્રગટ પ્રતાપે નરનાર "૨૪
કાઢી જીવ કીધા કુંડ ખાલી " જેને જમે નાખ્યા'તા ઝાલી "
તે નિસર્યા હરિપ્રતાપે " એતો અતોળ[5] વાત અમાપે "૨૫
એક હરિજન પર્વતભાઈ " સદા રહે હરિમૂર્તિમાંઈ "
એક દિન વિચાર્યું એવું " વારાહરૂપ[6] હશે વળી કેવું "૨૬
ત્યાતો રૂપ રૂડાં ચોવિશે " ઉભાં આગળ નજરે દિશે "
એકએકથી અનૂપ " ચિત્તચોર ચોવિશે રૂપ "૨૭
વળી પ્રગટ મૂર્તિ પાસે " ઉભી દીઠી તે પણ દાસે "
સર્વે રુપ સમાણાં[7] તેમા " પ્રગટ મૂર્તિ સુખની સીમા[8] "૨૮

૧. મરેલી ૨. બ્રાહ્મણનો દિકરો ૩. આનંદના મૂળની ૪. યમપુરી ૫. તુલના ન થાય તેવી ૬. ભગવાનનો ભૂંડરૂપે થયેલ અવતાર ૭. અંદર આવી ગયા ૮. અંત.

તેતો પર્વતભાઈ પાસ અચ; સદા રહે છે શ્રીઅવિનાશ અચ;
એવી વાત આજદિન પે'લી " નથી શ્રવણે સાંભળેલી "૨૯
વળી એહ મૂર્તિના બળે " થયું કામ કહું એક પળે "
એક ભક્ત રૂડો રતનો " કરે ધ્યાન ધંધો ઘરનો "૩૦
તેને ઘેર દિવ્ય સ્વરુપે " આવ્યા નાથ રથ અનુપે[૧] "
હતો રથ હાલો હાલ્યે[૨] " વળગ્યો રથને રતનો વાલ્યે[૩] "૩૧
પહોત્યો[૪] પળમાં જુગ[૫]જોજને " બેઠા બાંધે બાર સદને[૬] "
તેતો દિધું હતું દોકાન[૭] " તેમાં મૂકી ગયા ભગવાન "૩૨
ભૌતિક ભાવ રહ્યો નહિ રતિ[૮] " પામ્યા દિવ્ય દેહની ગતિ "
એવા અનંત ચમતકાર " પ્રગટ મૂર્તિમાં અપાર "૩૩
વળી એક મેઘ હલવાઈ[૯] " સદા રહે સમાધિ માંઈ "
કરે કંદોઈનું કાજ " પળ ભૂલે નહીં મહારાજ "૩૪
તપાવે તેલ અતિ તાવડે " તેમાંથી કળી[૧૦] કાઢે કરવડે[૧૧] "
તેમાં રતિ ન દાઝે આપે " તેતો હરિમૂર્તિ પ્રતાપે "૩૫
વળી એક ડોસો યવન[૧૨] " તેને થયું હરિનું દર્શન "
રહી મૂર્તિ અંતરમાંઈ " ભૂલ્યો દેહ દિસે[૧૩] નહિ કાંઈ "૩૬
તેને બાપે બાંધ્યો બંધે[૧૪] " રોક્યો ઘરમાં ઘાલી સંબંધે "
આપ્યાં કમાડ દીધાં તાળાં " બેઠાં બારણે રખવાળાં "૩૭
તેમાંથી દેહ અદર્શ[૧૫] થઈ " નિસર્યો બાર ગાઉ પર જઈ[૧૬] "
ત્યાં પણ બંધ કર્યો વળી બીજે[૧૭] " ત્યાંથી નીસરી ગયો ત્રીજે "૩૮

૧. ઉપમા ન આપી શકાય એવો ૨. અતિ વેગમાં ચાલતો રથ ૩. વ્હાલથી ૪. પહોંચ્યો ૫. જુગ (ચાર યુગ) X (જોજન) ચાર ગાઉ = ૧૬ ગાઉ X ૩ કી.મી. (૧ ગાઉ = ૩ કી.મી.) = ૪૮ કી.મી. ૬. બંધ બારણાવાળા ઘરમાં પ્રવેશ્યા ૭. દુકાન ૮. જરા પણ ૯. કંદોઈ ૧૦. સેવ ૧૧. હાથથી ૧૨. મુસલમાન (અમદાવાદના) ૧૩. દેખાય ૧૪. દોરીયે ૧૫. અદૃશ્ય ૧૬. ધોળકા પાસે ૧૭. બીજા લોકોએ.

આવરણ એક આડું નવ રહ્યું અચ; ભૌતિક દેહ અભૌતિક થયું અચ;
તેતો જાણે છે જન મનમાં " એહ સામર્થી ભગવાનમાં "૩૯
એવી કેટલીક વાતો કરીયે " પ્રગટ મૂર્તિની વૈખરીયે[૧] "
ઘણી વાત થોડામાં કહી " બીજી ઘણી ગ્રંથોમાં રહી "૪૦
સર્વે વાત સંભારી કહેવા " નથી આ જગમાં કોઈ એવા "
જોયું અંતર ઉંડુ ખોળી " સામર્થ્ય વાલામાં વણતોળી "૪૧
આ મૂર્તિની જે મોટાઈ " નાવે નાવે કહ્યા માંઈ "
આ મૂર્તિ સહુથી ન્યારી " શું હું કહું વડાઈ[૨] વિસ્તારી "૪૨
આ મૂર્તિ સહુથી નોખી " ચોક્કસ વાત કહું છું ચોખ્ખી "
આ મૂર્તિ નહિ અન્ય જેવી " હરિ ધરી ન ધરશે એવી "૪૩
આ મૂર્તિ છે અલૌકી " માનો માન મનનું મૂકી "
આ મૂર્તિ નહિ કોય સરખી, " જુવો અંતર ઉંડુ નિરખી "૪૪
આ મૂર્તિનો મહિમાય " કોટિ કવિયે કેમ કહેવાય "
આ મૂર્તિનું પરમાણું[૩] " લખતાં કેણે ન લખાણું "૪૫
કેક કહિકહિ કે'છે ઘણું " બળ બહુ દેખાડે બુદ્ધિતણું "
તોય જથારથ[૪] જાણવા " નથી કોય જુના નવા "૪૬
એવી મૂર્તિ છે આજની " હરિજનના સુખ સાજની[૫] "
સહુને[૬] પાર આવ્યા છે પોતે " જન સુખિયા થાય સહુ જોતે[૭] "૪૭
એહ મૂર્તિના પ્રસંગે " કેક સુખિયા થયા અંગે "
એવી મૂર્તિ સુખમય સારી " તેતો દ્વિજ ધર્મ ઘર ધારી "૪૮
ધન્ય ધન્ય દ્વિજ ધર્મકુમાર " કર્યા બહુ જીવ ભવપાર "
તે ગણતાં ન ગણાય " કહ્યો મૂર્તિનો મહિમાય "૪૯
મોટપ્પ કહેવા મૂર્તિતણી " હતી હામ હૈયામાં ઘણી "
પૂરી થઈ પામ્યો આનંદ " એમ કહે નિષ્કુળાનંદ "૫૦

ઇતિ શ્રી નિષ્કુલાનંદ મુનિ વિરચિત હરિસ્મૃતિ મધ્યે સપ્તમચિંતામણિઃ ।

૧. વૈખરી વાણીએ. ૨. બડાઈ ૩. માપ ૪. જેવું છે તેવું ૫. શોભા ૬. સૌથી પર ૭. દર્શન કરતા.



અષ્ટકોણને ઉર્ધ્વરેખા, સ્વસ્તિક જાંબુ જવ વહાલા,
વજ્ર અંકુશ કેતુ ને પદ્મ, જમણે પગે નવ વહાલા. ૭
ત્રિકોણ કળશ ને ગોપદ સુંદર, ધનુષ ને મીન વહાલાઃ
અર્ધચંદ્રને વ્યોમ સાત છે, ડાબે પગે ચિહ્ન વહાલા. ૮

ચરણ હરિના રે શોભે, જોઈ જોઈ મુનિમન મધુકર લોભે;
છબી અલૌકિક રે ન્યારી, સોળે ચિહ્ન તણી બલિહારી. ૧
મચ્છ તે મહા સુખ રે આપે, ત્રિકોણ ગોપદ દુઃખડા કાપે;
કળશ ધનુષને રે ધારે, વ્યોમ તે તાપ હૈયાના ઠારે. ૨
અર્ધચંદ્ર ઉગ્યો રે ભારી, સ્વસ્તિક અષ્ટકોણ મંગલકારી;
જવ ને જાંબુ રે વિરાજે, વજ્ર ધ્વજ અંકુશ અતિ છાજે. ૩
અંબુજ શોભા રે સારી, લાગે ઉર્ધ્વરેખા અતિ પ્યારી;
શુક જેવા જોગી રે વિચારે, નિત્ય ઉઠી પ્રેમસખી ઉર ધારે. ૪

– સદ્‌ગુરૂ શ્રી પ્રેમાનંદ સ્વામી.

પ્રાતઃ સમે શ્રી સ્વામીજીના, ચરણ ચિહ્ન ચિતવિયે રે...પ્રાતઃ
સ્વસ્તિ જવ જાંબુ ધ્વજ રેખા, અંતરમાં ગોઠવિયે રે...પ્રાતઃ
કુલિશ કમળ અંકુશ અષ્ટકોણ, જમણે ચરણે સંભારુ રે...પ્રાતઃ
વામ પદે મત્સ ત્રિકોણ કળશ ખરી, વ્યોમ ધનુષ શશી ધારૂં રે...પ્રાતઃ

– સદ્‌ગુરૂ શ્રી પ્રેમાનંદ સ્વામી

શ્રીહરિની ચેષ્ટા ચિંતામણી

અક્ષરબ્રહ્મના આત્મા, તેની ચેષ્ટા લખું છું સાર,
સ્વાભાવિક સ્વામી તણી, સુણતા વધે બહુ પ્યાર-૧
પ્રથમ પેલા પ્રાતઃ કાળે, જ્યારે ઉઠે જગદીશ,
હરે હરે એવા શબ્દનું, કરે ઉચ્ચારણ મુનિ ઈશ-૨
પલંગ મધ્યે પલાંઠી વાળી, મધ્યે બેસે છે નાથ,
બેસે ઉત્તર મુખ કરી, ચોળે નેત્રને બેઉ હાથ-૩
તેવા સમયમાં બગાસું, આવે ત્યારે જમણે કર,
મુઠી વાળી મુખ પર ધરે, એવા સમર્થ મહામુનિ વર-૪
તે સમયમાં બે હાથની, વચલી આંગળીએ નાથ,
નેત્ર ચોળે નાથજી, પછી લે રૂમાલ નિજ હાથ-૫
રૂમાલ મુખ આડો ધરી, બે ત્રણ છીંકો ખાય,
આળસ મરડે એ સમે, તેનો કહું વિધિ સુખદાય-૬
જમણો કર ઉંચો કરે, હેઠો મુકી ડાબો હાથ,
આળસ મરડે મહાપ્રભુ, રાજી થકા મુનિનાથ-૭
જમણો હાથ ધરે દાઢીએ, ડાબો કર લગાવે શિર,
કડાકા ફોડે ડોકના, એવા ઈચ્છારામના વીર-૮
જમણો કર લઈ મહાપ્રભુ, ફેરવે મુખ પર માવ,
ખસીને આવે ઈસ પર, એવો હરિનો સ્વભાવ-૯
ચરણ ધારે ધરણી પર, ત્યાં સેવક આવે સાર,
આગળ મેલે મોજડી, તેને પહેરે ધર્મકુમાર-૧૦

પેરી ચરણે મોજડી, પછી કરે સેવકને સાન,
રૂમાલ માગી મહાપ્રભુ, ત્યાં શિર બાંધે ભગવાન-૧૧
પાણી રેડે પાર્ષદ, કર ધોઈ કૃષ્ણ કૃપાળ,
કોગળા જળના કરે, પાંચ સાત દીનદયાળ-૧૨
વડને બોરડીના મૂળનું, બહુધા બાવળનું સાર,
દાતણ ગ્રહી કરમાં હરિ, બેઠા અંતર કોઈક વિચાર-૧૩
ત્રણ આંગળી ઉપર રાખે, ટચલી આંગળી રાખે હેઠ,
ચાવે દાતણ ચતુરાઈએ, ચીરે દાતણ ઠેઠા ઠેઠ-૧૪
વાળી ચીરી વાલમો, પછી ઉલ ઉતારે નાથ,
ધોઈ ધોઈને મુખમાં ધરે, બે-ત્રણ વાર ગ્રહી હાથ. ૧૫
પાણી રેડાવી મેલે પડતી, પછી મુખ ધુવે મહારાજ,
કોગળા જળના કરી, જુવે સેવક સામું હરિરાજ-૧૬
શ્યામ સેવકના કર થકી, લોટો ગ્રહે નિજ હાથ,
નિજ ચરણ પર જળ ઢોળે, સ્નાન કરે મુનિનાથ-૧૭
સેવક પાસેથી શ્રી હરિ, માગી લીએ પ્રભુજી રૂમાલ,
મુખ કર પદ લુઈને, બેસે સ્વસ્થ ચિત્ત ગોપાલ-૧૮
સાંજ સમે બેસે શ્રી હરિ, કરે શ્યામ સત્ય વિચાર,
ઉઠે ત્યાંથી અલબેલડો, આવે બેસવાને બહાર-૧૯
આદિ ગાદી ઈશ્વર તણી, તેની ઉપર બિરાજમાન,
ઉત્તર મુખ કરી બેસે છે, એવા દયાળુ ભગવાન-૨૦
તેવા સમયમાં શ્રી હરિ, કહે ભવિષ્ય વાર્તાનાથ,
સંભારે હરિભક્તને, આવનારા હોય તે સાથ-૨૧

હોય થનારી વાર્તા, કહે સેવક આગળ શ્યામ,
ફેરવે માળા નાથજી, અનુક્રમે સકળ સુખધામ-૨૨
આસન વાળે એ સમે, પછી થાય બિરાજમાન,
સેવક પાસે મંગાવે, પોતે કૃષ્ણ કરડી કમાન-૨૩
નિશાન મંડાવે તવા તણું, તેમાં ઘા કરે ઘનશ્યામ,
તીર કાઢે સોંસરો, તે તવામાં તેહ ઠામ-૨૪
કયારેક શ્યામ સવારમાં, વાલો ઉઠી વાડીએ જાય,
ઘોડે બેસી ક્યારે શ્રીહરિ, ક્યારે પગપાળા મુનિરાય-૨૫
ચાલે ચાલ ઉતાવળી, રાખે નાસિકા પર દ્રષ્ટિ,
સેવક દોડે ત્યારે પહોંચે, એવી વરસાવે અમૃત વૃષ્ટિ-૨૬
કયારેક ઘોડીએ ચડીને, ફેરવે છે દીનદયાળ,
ચોક વચ્ચે લીંબડો, તેની ફરતાં જન પ્રતિપાળ-૨૭
ક્યારેક મંદિર સંબંધી, કરવા હોય જો કામ,
રાજી થકા બ્રાહ્મણ જમાડે, શોભાનિધી શ્રી ઘનશ્યામ-૨૮
કયારેક તો કરૂણા નિધિ, સાધુ જમાડયા સારૂં પાક,
ઝાંઝા ઘૃત નાખી કરાવે, વાલો રીંગણા તણું શાક-૨૯
નિજ ઉતારામાં નાથજી, કથા કરાવે કૃષ્ણ દિનેશ,
રહસ્યની જે વારતા, કહે સેવકને જગદીશ-૩૦
રૂડી ક્રિયા કર્યા વિના, નવરૂં ન રહેવાય નાથ,
એવો સ્હેજે સ્વભાવ છે, રહે સારા સારા જન સાથ-૩૧
કયારેક તો દરબારમાં, કરી સભા બેસે સુખધામ,
પટ્ટો રમવા શીખવે, પાર્ષદ ને પુરણકામ-૩૨

કયારેક તો નિજ સેવકને, રમત કરાવે રાય,
કાંડું ઝલાવે ને છોડાવે, એમ મોજ કરે સુખદાય-૩૩
કયારેક શ્યામ સવારમાં, સેવક બોલાવી જોડ,
મલ્લ કુસ્તીને કરાવે, તેમાં કાઢે પ્રભુજી ખોડ-૩૪
શીખવે વળી શામળો, મલ્લ કળાને મહારાજ,
એવો સહજ સ્વભાવ છે, બેસે જ્યાં હોય સંત સમાજ-૩૫
મલ્લ રમાડી મહાપ્રભુ, તેને મોજ આપે મુનિરાય,
ઉતારામાંથી સવારમાં પ્રભુ સભા કરવાને જાય-૩૬
પ્રથમ પાર્ષદ પાસેથી, ફેંટો માગી લીયે સુરરાય,
છોગુ મેલી બાંધે શ્યામળો, તેની શોભા અલૌકિક થાય-૩૭
કયારેક તો ચાલ્યા થકા, ક્યારે બેઠા ઉભા અલબેલ,
બાંધે ફેંટો મસ્તકે, પછી ચાલે રસિકની રંગરેલ-૩૮
નિજ સેવક જન વિંટાણા, થકા આવે સભાની મોઝાર,
દર્શન આપે દાસને, એવા છે ધર્મકુમાર-૩૯
જોડે રાખી પાર્ષદને, દોડાવે છે દયાળ,
પહેલો પહોંચે તેને હાર આપે, જોઈ હસે કૃષ્ણ કૃપાળ-૪૦
કયારેક તો દરબારમાં, ચોક વચ્ચે આવી ચિત્તચોર,
ચારે કોરે નિહાળે, ધીરા રહી ધર્મકિશોર-૪૧
પૂર્વ પશ્ચિમ ઉત્તરાદિ, ઓસરીએ અલબેલ,
સભા કરી બેસે શ્રીહરિ, આપે દર્શન સુંદર છેલ-૪૨
બેય પગના ફણા વાળી, બેસે ફણા ઉપર મુનિનાથ,
બેય પગની પલાંઠી વાળી, બેસે છે તકીયા સાથ-૪૩

કયારેક પગના ઘુંટણ બાંધે, વસ્ત્રે કરીને કૃપાળ,
તકીયે ઓઠીંગણ દઈ, કરે લાંબા ચરણ દયાળ-૪૪
કયારેક તકીયા ઉપર બેસે, દર્શન દેવા કાજ,
કયારેક સુવે સભામાં, જમણે પાસે મુનિરાજ-૪૫
ઉભો રાખે ડાબો પગ, જમણો પગ ડાબી સાથ,
પલંગ પર અડગ રાખી, સુવે શ્યામસુંદર મુનિનાથ-૪૬
ડાબા હાથનો અંગુઠો, તેની પાસેની અંગુલી જેહ,
ઉર્ધ્વરેખા પર ફેરવે, તેમાં તે નહિ સંદેહ-૪૭
કયારેક ડાબા પગની, વળી વાળે પલાંઠી નાથ,
જમણો પગ તે પર ધરે, કરે વાત મુક્તની સાથ-૪૮
સેવક પાસેથી શ્રીહરિ, માળા માગી લ્યે મહારાજ,
કોણી જમણા હાથની તકીયે અડાડે આજ-૪૯
અંગુઠા પાસેની આંગળી રાખે પાધરી મુનિરાય,
માળા ફેરવે મહા પ્રભુ, તકીયે અડેલી સુખદાય-૫૦
સેવક પાસેથી શ્રીહરિ, માળા માગી લ્યે મુનિરાય,
બેઉ હસ્તના તળા વચ્ચે, ગ્રહી માળા ઘસે સુખદાય-૫૧
બબે મણકા તે માળાના, મેર ભેળા મૂકે મહારાજ,
કયારેક તોડે માલિકા, હરિભક્ત કેરે કાજ-૫૨
બેસે કયારેક ધર્મસુત, ધરી ધ્યાન ધીરજવાન,
નેત્ર મીંચી મહાપ્રભુ, કયારેક ઉઘાડાં દ્રગ માન-૫૩
ધ્યાનમાંથી જાગે ત્યારે, ચમકી જાયે જગદીશ,
સભામાં સૌ સંત બેસે, તેને દર્શન દે મુનિ ઈશ-૫૪

મહાપ્રભુની આગળે, નિત્ય સરોદા લઈ સંત,
ગાવણાં કરે ગુણનિધિ, તેની ભેળા ગાવે ભગવંત-૫૫
ચપટી વજાડી ગાય છે, ભેળા ભળીને ભગવાન,
ખસીને અળગા જાય છે, ગાય સંત પદ બુદ્ધિમાન-૫૬
ઢોલીએથી ચરણ બે, હેઠા ધરી મુનિરાય,
તાળી વગાડી તાનમાં તે સંત ભેળા ગાય-૫૭
ક્યારેક ઉત્સવ કરાવે, સભામાં સુંદર શ્યામ,
પ્રશ્ન ઉત્તર કરાવે, સાધુ પાસે મહા સુખધામ-૫૮
નવ થાય ઉત્તર સંતથી, કરે ઉત્તર આપોઆપ,
તડા પાડી સામસામા મુનિ, પ્રશ્ન ઉત્તર કરે નિષ્પાપ-૫૯
સમાધાન નવ થાય સંતથી, તેનો કરે ઉત્તર અવિનાશ,
શ્લોક બોલાવે સંત પાસે, સામસામો કરવા અભ્યાસ-૬૦
જે જીતે તેને થાળ આપે, પ્રભુ બોલાવે ગિરવાણ,
જીતે તે પર થાય રાજી, એવા સુંદર શ્યામ સુજાણ-૬૧
આચાર્ય બેઉ બોલાવી, તેને પુછાવે છે પ્રશ્ન,
રાજી થાય તેની ઉપરે, એવા છે શ્રીહરિકૃષ્ણ-૬૨
ક્યારેક માળી આવે પૂજવા, ગુંથી ગુચ્છ ગજરા હાર,
પહેરાવે કરી પ્યારને, ભારે ફુલના શણગાર-૬૩
લીંબુ શીતળ જાણીને, ફુલ દડો ગ્રહી નિજ હાથ,
દડો ઉછાળે દયાનિધિ, લીબું નેત્રો અડાડે નાથ-૬૪
મોટું ફુલ ગુલાબનું, તેને ગ્રહણ કરે કૃપાળ,
ચપટીમાં રાખીને ફેરવે, એવા સમર્થ દીનદયાળ-૬૫

બેઉ કરના તળાં વચ્ચે, રાખી પુષ્પ સુજાણ,
ચોળી નાખે પુષ્પને, એવા પ્રગટ હરિ પ્રમાણ-૬૬
કયારેક કવિનાં કિર્તન, ગવરાવે સભા મોઝાર,
મોજ આપે મહાપ્રભુ, તેને વખાણે કરી પ્યાર-૬૭
વસ્ત્ર પહેરેલ પોતા તણાં, આપે ઉતારી અવિનાશ,
થાળ આપે પ્રસન્ન થઈ, તેની પુરે મનની આશ-૬૮
કયારેક સંત સભા વિષે, કરે વારતા મુનિરાય,
ત્રણ આંગળીયું દબાવે, એવો સ્વભાવ શ્યામ સોહાય-૬૯
અંગુઠા પાસેની આંગળી, તેને ઉભી રાખે અલબેલ,
લટકા કરતા જાય છે, કરે વારતા રંગરેલ-૭૦
અંગુઠા પાસની આંગળી, તેને લગાવે અંગુઠા સાથ,
વાત કરે કરૂણાનિધિ, સ્વામી સભામાં સુરનાથ-૭૧
ગાદી ઉપર ઉભા થઈ, તાળી વગાડી મુનિરાય,
છાના રાખે સર્વેને, પછી વાત કરે સુખદાય-૭૨
ઉભા ઉભા વાર્તા કરે, ક્યારેક આનંદ વંત,
બેઠા બેઠા વાર્તા કરે, ક્યારેક સાંભળે સર્વે સંત-૭૩
ધર્મજ્ઞાન વૈરાગ્ય ભક્તિ, સંબંધી કરે વાત,
સાંખ્ય યોગની વારતા, કયારેક કરે હરિ સાક્ષાત-૭૪
ક્યારેક નારદ પંચરાત્રની, દેહ ગેહ બ્રહ્માંડ સમેત,
સુષુમ્ણા નાડી તણી, કરે પ્રભુજી વાત નિકેત-૭૫
નિત્ય વિધિ પોતા તણો, તેને કરી કૃષ્ણદિનેશ,
આવે સભામાં શ્રી હરિ, કરે સેવકને ઉપદેશ-૭૬

કર્તા હોય હરિ વારતા, ત્યારે પેંચ છુટી જાય,
પછેડી ખસી જાય ઓઢી, તોય સંભાળે નહિ સુખદાય-૭૭
સેવક જાય ઓઢાડવા, તેને ના પાડે મુનિનાથ,
કયારેક દબાવે જીભને, બેઉ દાંત તણી સંગાથ-૭૮
વાત કરતા હોય કયારેક, તેમાં બોલે કોય જન,
ખીજે તેને તે સમે, એવા દયાળુ ભગવાન-૭૯
પૂજા કરવા આવે કોઈક, તેવા સમામાં જોય,
તેને વારે તે સમે, નિજ વાતમાં મન પ્રોય-૮૦
તેવા સમામાં શ્યામને, જમવા બોલાવે દાસ,
ખીજે તેની ઉપરે, કરે વાર્તા અવિનાશ-૮૧
ક્યારેક આવે સભામાં, કોય પ્રતિ પક્ષી જન,
બોલે સામા તેહની, તેને જીતવા જીવન-૮૨
ચરણ ધારે ધરણી પર, બાંયો ચડાવે નાથ,
શ્લોક બોલી શ્યામળો, કરે વાદ તેની સાથ-૮૩
વેણ ઉપર વેણ લાવી, જીતે તેને શ્યામ,
પંડિત લાગે પાય આવી, હરિને તેહ ઠામ-૮૪
પંડિત જાણે આ પ્રભુ, પુરણ હરિ પ્રમાણ,
ભેળા થઈને કોય સમે, આવે મતવાદિ અજાણ-૮૫
મહાપ્રભુની સાથ બોલે, અધર્મ તણું વચન,
આસન થકી ખસી કરી, સામા ધસે ભગવાન-૮૬
ક્યારેક વાંસો દબાવે, પ્રભુ નિજ સેવકની પાસ,
રાખે તકિયો છાતી આગળે, મેલે તકિયા પર કરભાસ-૮૭

કોણીયો અડાડે તકિયા પર, હડપચી અડાડે નાથ,
વાંસો દબાવે વાલમો, અડાડી તકિયા સાથ-૮૮
સાધુ આવે પરદેશથી, તેની સામે ચાલે શ્યામ,
મળે તેને મહાપ્રભુ, નિજ ભક્તનું કરી કામ-૮૯
ગાદી ઉપર ઉભા થઈને, મળે ભરી ભરી બાથ,
ખબર પુછે મહાપ્રભુ, એવા દીનદયાળુ નાથ-૯૦
દઢતા જોઈ તે સંતની, દિયે મોજ તે દિનદયાળ,
પાઘ ઉતારી આપેલ શિરથી, હાર વસ્ત્ર દે તત્કાળ-૯૧
દુખીયો ભાળી કોકને, અતિ દયાળુ ભગવાન,
દુઃખ ભાંગે તેહનું, તેને કરે શોભાયમાન-૯૨
હરિ હરિજન ઉપરે, રાજી થકા મુનિરાય,
અન્ન ધન વસ્ત્ર તેને આપે, સુખી રહે છે સદાય-૯૩
કોય સમે હરિભક્ત, આવી કરે છે અરજી સાર,
વરસાવે વરસાદને, કરે જગમાં જય જયકાર-૯૪
કેરી ટાંણે કૃષ્ણ આગળ, કેરીયું મેલે હરિજન,
જીવન તેને જોઈને, અતિ ઘણા થાય પ્રસન્ન-૯૫
એક એક કેરી સંતને, આપી દ્યે મુનિનાથ,
વહેંચી આપે સર્વને, ગ્રહે સંત સર્વે હાથ-૯૬
બીજી બીજા હાથમાં, કેરી આપે કૃષ્ણ કૃપાળ,
બેઉ હાથ ઉંચા કરાવે, એવા તે દીનદયાળ-૯૭
તેને જોઈને જીવન ત્યાં, મંદ મંદ હસે મહારાજ,
બેઉ હસ્ત હેઠા કરાવે, કરી સાન સંત સમાજ-૯૮

સભા જોઈ સાધુ તણી, તેને આપે એકે કો હાર,
સર્વે પહેરે મહામુનિ, તેની શોભાનો નહિ પાર-૯૯
સાધુ પાસે ગરબીયું, ગવરાવતા કોય વાર,
તેની ભેળા ગાય પોતે, રસિક ધર્મકુમાર-૧૦૦
અંગુઠા પાસેની આંગળી, તેનાથી કરે છે સાન,
હરિજનને બોલાવે, તેને કરે પુરણકામ-૧૦૧
નાથજી નિજ નેત્રની, કરે સાન ક્યારેક શ્યામ,
હરિજનને બોલાવે, તેને આપે આદર માન-૧૦૨
મૂળો સુધારી લવણ ભેળો, જમે જગત પાવન,
કયારેક જમે પ્રભુ ચીભડું, લાવી દે પ્રેમી કોય જન-૧૦૩
કયારેક બીજ દાડમ તણાં, તેને જમે જગત આધારા,
કયારેક સાકર જમે છે, હરિભક્તનો જોઈ પ્યાર-૧૦૪
વિપ્ર આવે વેદિયા, મહાપ્રભુજીની પાસ,
વેદ બોલાવે વિપ્ર પાસે, પૂરે તેના મનની આશ-૧૦૫
મહાપ્રભુને ચરણે લાવી, કોઈક મુકે આવી ધન,
તત્કાળ બ્રાહ્મણ જમાડે, ઘડી રાખે નહી ભગવન-૧૦૬
ન હોય માળા કર વિષે, ત્યારે ગણે પર્વ પ્રમાણ,
ભજન કરે પોતા તણું, પોતે પ્રસિધ્ધ શ્યામ સુજાણ-૧૦૭
કયારેક ભગવદ્ ધામની, કરે વાર્તા ભગવન,
જ્ઞાન કરે ગુણવંતને, તેનું કરે પ્રસન્ન મન-૧૦૮
કયારેક સાધુ પાસળે, વાલો વળાવે આસન,
જોડી બે મુનિજન તણી, કરે પરીક્ષા ભગવાન-૧૦૯

ક્યારેક તો કરૂણાનિધિ, કૂપ ખોદાવે છે દયાળ,
વાવ ગળાવે વાલમો, બેસી ઉપર જન પ્રતિપાળ-૧૧૦
કયારેક પ્રેમી ભક્તની, પ્રેમે પૂજા લે છે નાથ,
સામા જઈને શ્રીહરિ, પૂજા ગ્રહણ કરે નિજ હાથ-૧૧૧
ક્યારેક ભારે વસ્ત્ર વાલો, પહેરે કરીને પ્યાર,
વસ્ત્ર આભુષણ હેમનાં, કયારેક પહેરે ધર્મકુમાર-૧૧૨
ક્યારેક લઈ રૂમાલ કર, તેનો છેડો ગ્રહી બેઉ હાથ,
વળ ચડાવે વાલમો, એવા મહામુનિના નાથ-૧૧૩
મુળજી બ્રહ્મચારી ક્યારેક, જમવા બોલાવે થાળ,
સભામાંથી શ્યામળો, ઉઠી ચાલે છે તત્કાળ-૧૧૪
જય સ્વામિનારાયણ, કહી ઉઠે જગવંદ,
કયારેક જય સચ્ચિદાનંદ, બોલે છે સહજાનંદ-૧૧૫
હાર તોરા ગજરા, તેને આપી દીએ તત્કાળ,
સેવકે વિંટાયા થકા પ્રભુ જાય જમવા થાળ-૧૧૬
ક્યારેક બ્રહ્મચારી હાથેથી ચોળાવે પાકુ તેલ,
અત્તર ચોળે કોય સમે, પછે સ્નાન કરે અલબેલ-૧૧૭
આવે ઉનાળો જયારે, હરિભક્તને થાય પ્યાર,
ચંદન ચરચે અંગમાં, તેમાં અતિ સુગંધી સાર-૧૧૮
ચરણથી મસ્તક લગી, ચંદન ચર્ચેલ અંગ,
ગુચ્છ ગજરા હાર તોરા, પહેરાવે કરી ઉમંગ-૧૧૯
ફુલ તણા શણગાર પહેરી, આપે છે દર્શન દાન,
ન્હાવા બાજોઠ ઉપરે, બેસે છે શ્રી ભગવાન-૧૨૦

રૂમાલ લઈ પોતા તણો, લુઈ લીએ ચંદન સાર,
કોઈ સેવકનું વસ્ત્ર લઈ, પોતે લુએ ધર્મકુમાર-૧૨૧
પ્રસાદીનું વસ્ત્ર તે, આપે ભક્ત પ્રેમી જોઈને,
રાજી થઈ તે ઉપરે, સુખ રૂપ સ્વામી સોઈને-૧૨૨
બેસે બાજોઠ ઉપરે, ઉત્તર મુખે અવિનાશ,
ત્રાંબા કુંડી જળ ભરી, મેલે સેવક શ્રી હરિ પાસ-૧૨૩
નાવા નિર્મળ નાથને, કરી ઉનાં ટાઢાં જળ,
સેવકને કહે શ્રીહરિ, બહુ સારા જળ નિર્મળ-૧૨૪
જમણે હાથે જુએ છે, જળ ટાઢાં ઉના નાથ,
સ્નાન કરે પછે શ્યામળો, લોટો ગ્રહીને હાથ-૧૨૫
કરે જળના કોગળા, કરે સ્નાન સુંદર શ્યામ,
સેવક ચોળે શરીરને, સુખે સ્નાન કરે સુખધામ-૧૨૬
શ્વેત વસ્ત્રે શરીરને, લુહી કરી કૃષ્ણ દિનેશ,
શ્વેત પહેરે ખેસને, ઓઢે મંગલ વસ્ત્ર મુનીશ-૧૨૭
ઓઢે ઉપરણી અંગ પર, કાન રાખી ઉઘાડા નાથ,
સેવક મેલે ચાખડી, પહેરે તે સમે મુનિનાથ-૧૨૮
સેવકના મસ્તક પર હરિ, મેલે ડાબો હાથ,
જીવન જમવા જાય છે, બેસે સ્વસ્થ થઈ મુનિનાથ-૧૨૯
આગળ મેલે પાટલો, બ્રહ્મચારી મેલે થાળ,
ભોજન ભાત ભાતનાં, પકવાન જમતા રસાળ-૧૩૦
હરે એવા શબ્દનું, કરે ઉચ્ચારણ અલબેલ,
કથાને ભાને કરી, મંદ મદ હસે રંગરેલ-૧૩૧

જળ પાત્ર લાવી પાસ મેલે, જમે ભોજનીયા ભગવાન,
પાણી પીતા જાય છે, જમી કરી કરૂણા નિધાન-૧૩૨
હરિ ધુવે છે હાથને, બ્રહ્મચારી ધોવરાવે હાથ,
હરિજમ્યાની વાત કહે, બીજી કહું થઈ રળીયાત-૧૩૩
જમતાં જમતાં જીવન પોતે, સ્વાદુ જણાએ અન્ન,
આપે સાચા સેવકને, પ્રભુ થઈ ઘણા પ્રસન્ન-૧૩૪
જમતાં જમતાં વારે વારે, કરે પ્રભુ જળ પાન,
ડાબો હાથ ઉદર ઉપરે, ફેરવે છે શ્રી ભગવાન-૧૩૫
ઓડકાર આવતા જાય છે, એમ જમે ધર્મકુમાર,
જમીને તે તૃપ્ત થઈ, કર ધોવરાવે બ્રહ્મચાર-૧૩૬
રૂમાલ લઈને રસિક પ્રભુ, પછી લુછે છે હરિ હાથ,
થાળ આપે સંતને, રાજી થકા મુનિનાથ-૧૩૭
રતનજી રૂપા તણી, આપે સળીને તેહ વાર,
ખોતરે છે દાંતને, કરે કોગળા કિરતાર-૧૩૮
સોમલો ખાચર દિયે, મહાપ્રભુજીને મુખવાસ,
મુખવાસ લઈ મુખમાં ધરે, બેસે ગાદી ઉપર અવિનાશ-૧૩૯
સેવકે વિંટાણા થકા, પ્રભુ થાય બિરાજમાન,
રસોઈવાળા આવે છે, ત્યાં પૂજવા ભગવાન-૧૪૦
હરિજનના હાથમાંથી, તોરો લીયે નિજ હાથ,
ખભા ઉપર મેલતા, ગુચ્છ કર ગ્રહે મુનિનાથ-૧૪૧
સુંઘે છે તે ગુચ્છને, જાય ચાવતા મુખવાસ,
મુખવાસ ફુલની સુગંધી, લઈ મગન થાય હરિદાસ-૧૪૨

રસોઈવાળો જોડી કર, કહે શ્યામને તેહ વાર,
પ્રભુ આવો પીરસવા, સૌ સંતને કરી પ્યાર-૧૪૩
બેઠા તેમના તેમ ઉઠે, નિજ સેવક લઈ સાથ,
સાધુની પંગત વિષે, આવી ઉભા રહે મુનિનાથ-૧૪૪
ચિંતવે ચૌપાસ પોતે, મંદ મંદ કરતા હાસ,
પ્રભુ જાય પાકશાળામાં, જોઈ રસોઈ અવિનાશ-૧૪૫
વ્હાલો વખાણતા જાય છે, ઓઢી ઉપરણી લઈ હસ્ત,
જનોઈ પેઠે ખંભે ધારી, તાણી કટી બાંધે છે મસ્ત-૧૪૬
ડાબા ખભા પર લાવીને, કટિ કસે કૃષ્ણ કૃપાળ,
એક હાથે બબ્બે લાડવા, ગ્રહી પંગતે ફરે દયાળ-૧૪૭
એક માગે તેને બમણા, આપે છે ત્યાં અવિનાશ,
મનવાર કરી ભાવથી, રાજી કરે પોતાના દાસ-૧૪૮
જલેબી જ્યારે પીરસે, દોથા ભરી બેઉં હાથ,
પાત્રને ભરી દે પ્રભુ, એવા છે કરૂણા નાથ-૧૪૯
ચોપાઈ : લાડુ ફરી ફરી પીરસે શ્યામ, લાડુ લાડુ કહી એવું નામ,
આદર કરી આપે અવિનાશ, તૃપ્ત કરે ઘણા નિજ દાસ-૧૫૦
પૂર્વછાયો : નામ લેતા જાય છે, ફરે પંગતમાં મુનિરાય,
પર્વત ભોજનીયા તણો, તેને જોઈને રાજી બહુ થાય-૧૫૧
ફરે વારંવાર વ્હાલો, પંગતમાં મહારાજ,
સંતને રાજી કરે છે, પ્રગટ પ્રભુ જુઓ આજ-૧૫૨
જાણી રસોઈ તો નહી ખુટે, ત્યારે વ્હાલો વિચારે મન,
શ્વેત બદ્રિકાશ્રમના, તાંણે મુક્ત ત્યાં ભગવાન-૧૫૩

એક એક સાધુમાં ભળી, સૌ મુક્ત બેસી જાય,
ભોજન સૌ જમી જાય છે, એ વાત પરસ્પર થાય-૧૫૪
ગૌલોક અક્ષરધામના, આવે મુક્ત કોઈક વાર,
જમવા બેસી જાય છે, પીરસે છે ધર્મકુમાર-૧૫૫
દેવ સૌ ટોળે મળીને, બેસી કરી વિમાન,
સુગંધ લેવા શુદ્ધ મન, જોવા કૃપાળુ ભગવાન-૧૫૬
થાય સમાધિ કોકને, અહો અહો કરે તે જન,
તેને વારે વાલમો, આશ્ચર્ય કરે સહુ મન-૧૫૭
હરિજન હસ હસ કરે, ધારણા જ્યારે થાય,
દર્શન આપે દાસને, જ્યારે પીરસવા પ્રભુ જાય-૧૫૮
હરિજન આ લોકના, જોવા ઉભા સૌ પાસ,
પીરસતાં દર્શન કરે, કોયને બોલાવે અવિનાશ-૧૫૯
પીરસતાં મહાપ્રભુજી, આપે લાડુ મુખમાં માવ,
ફાંદમાં મારે કોકને, એવો શ્યામ તણો સ્વભાવ-૧૬૦
દહીં દુધના ગાડવા, ગ્રહણ કરે નિજ હાથ,
પાત્ર ભરી ભરી આપે છે, એક ધાર કરી મુનિનાથ-૧૬૧
રેડે મસ્તક ઉપરે, મુક્ત બ્રહ્માનંદને શિર,
ત્યારે રમુજ કરે કૃષ્ણજી, પછી બોલે શ્યામ શરીર-૧૬૨
એક એક લાડુ જમો તો, તેને દઉં છાતીમાં ચર્ણ,
સંત લાડુ જમી લીયે, તેને આપે છે ભયહર્ણ-૧૬૩
છાતી મધ્યે છાપ પાડે, પ્રભુ થઈ પ્રસન્ન,
અર્ધો લાડુ કર ગ્રહી, તેને પીરસે ભગવન-૧૬૪

પરઠણ કરતા ચરણની, તેમ જમે સર્વે જન,
પીરસીને મહાપ્રભુ, કર ધુવે છે ભગવન-૧૬૫
મુક્ત સામુ જોઈને, સર્વને કરે વિદાય,
નેત્રની શાને કરી, કર વતે કરી કોઈવાર-૧૬૬
સેવક સાથે લઈને, આવે ઉતારે કિરતાર,
સર્વોપરિ પુરુષોત્તમ, સામર્થ્યનો નહિ પાર-૧૬૭
સેવક ધોવે ચરણને, પછે સુવે સુંદર શ્યામ,
યોગ નિંદ્રા ધરે જીવન, પોતે પૂરણકામ-૧૬૮
શરદ ઋતુ સોહામણી, ત્યારે ન્હાવા પધારે નાથ,
હરિજન મુનિ પાર્ષદ, સર્વને લઈ સંગાથ-૧૬૯
કોઈ સમે અસ્વાર થઈ, પગપાળા પ્રભુ કોઈવાર,
ગાતા વાતા જાય છે, સૌ મધ્યે ધર્મકુમાર-૧૭૦
ડાબા ખભા પર ખેસને, નાખીને નવલ નાથ,
કટિ બાંધે કૃષ્ણજી, ચાલે હરિજનની સાથ-૧૭૧
છત્રને શીર પર ધરે, ભીમભાઈ સેવક સાર,
તેને બિંબે રાતી મૂર્તિ, દેખાય ધર્મકુમાર-૧૭૨
આગળ ગાતા જાય છે, ત્યાં બંદીજન ગુણ ગાય,
શોભા સાગર શ્યામળો, આવી રીતે ન્હાવા જાય-૧૭૩
અવાજ થાય બંદુકના, આવે ઘેલા નદીને તીર,
પ્રસન્ન થાય છે પ્રભુજી, જોઈનાથ નદીના નીર-૧૭૪
નાથજી ન્હાવા પધાર્યા, તેને જોઈ ઘેલો થાય,
નીર તીર ઘણો ઘૂઘવે, જાણે પ્રભુ મારામાં ન્હાય-૧૭૫

પાણી સામું પ્રભુજી, ભાળી રહે ભલી પેર,
વસ્ત્ર ઉતારી વાલમો, આપે સેવકને કરી મ્હેર-૧૭૬
રૂમાલ નિજ હાથ ગ્રહી, કેડ બાંધે કૃષ્ણ દિનેશ,
કર ગ્રહી ભીમભાઈ તણો, જળમાંહી કરે પ્રવેશ-૧૭૭
ખળખળીયે જઈ મહાપ્રભુ, વચ્ચે બેસે આપો આપ,
પાણી રોકે ઘેલા તણું, ચાલે હરિ ઉપર થઈ માપ-૧૭૮
બેઉ ખભા પર થઈને પડે, આગળ જળની ધાર,
નાગફણી સમશિર પર, પડે જળ ધારા તેહ વાર-૧૭૯
જમણો કર મુખ ઉપરે, ફેરવે સુંદર શ્યામ,
કોગળા જળના કરે, ત્યાં થકી ઉઠે સુખધામ-૧૮૦
તડાં બાંધે તે સમે, રાખે સંતને દક્ષિણ પાસ,
ઉત્તર દિશે પાર્ષદ સકળ, મધ્યે રહે અવિનાશ-૧૮૧
પોસો ભરી ભરી પ્રભુજી, પાણી ઉડાડે અલબેલ,
એક બીજાની આંખમાં, એવો કરે જળમાં ખેલ-૧૮૨
હાર્યા હાર્યા એવા શબ્દને, કરે સામા સામા સૌ જન,
ખેલે જળમાં શ્રીહરિ, અતિ ભાવથી ભગવાન-૧૮૩
અળસાવી તેહ રમતને, બેસે ખળખળીયે નાથ,
સર્વ સામું જોઈને, બોલ્યા સર્વ જન સંગાથ-૧૮૪
પુષ્ટ અંગ જેને હોય તે, બેસો ખળખળીયે જન,
તેમ કરે તે પાર્ષદ, તેના જાય તણાઈ તન-૧૮૫
અસ્ત વ્યસ્ત અંગ થઈ જાય, તેને જોઈ હસે અલબેલ,
જળ તણી લીલા કરે, કરે નવા નવા હરિ ખેલ-૧૮૬

ખેલ જોવા પ્રભુનાં, આવે ઈંદ્રાદિક સુરરાય,
મેઘ સામગ્રી સહિત શોભે, ધીરો ધીરો ઘન વરસાય-૧૮૭
દ્રષ્ટિ કરી આકાશમાં, જુવે મેઘને મુનિરાય,
ટાણું જોઈને તે સમે, ત્યાં મેઘ વૃષ્ટિ થાય-૧૮૮
પછી બોલાવે કિર્તન, તાળી પાડીને સૌ ગાય,
ભેળા ભળીને મહાપ્રભુ, હરિ ઉભા જળમાં ન્હાય-૧૮૯
પછી મારે ડુબકી, જીવન જળમાં સાર,
ઝાઝીવાર જળમાં રહે, પછે નીકળે પ્રભુ બહાર-૧૯૦
ખળખળીયે બેસે પ્રભુ, કરે હાથની હરિ સાન,
બહાર કાઢે સર્વને, સામુ જોઈ રહે ભગવાન-૧૯૧
ઝાલી કર ભીમભાઈનો, હરિ નીકળે જળ બહાર,
વસ્ત્ર પહેરી વાલમો, ત્યાં પહેરાવે બહુ હાર-૧૯૨
ભારે ભારે વસ્ત્ર ભૂષણ, પહેરી પ્રભુજી અંગ,
ઘોડે ચડી ઘનશ્યામજી, પછી ચાલે સખાની સંગ-૧૯૩
માથે એક એક પત્થરો, લેવરાવે સૌને શ્યામ,
સર્વેને આજ્ઞા કરી, જાણે થાય પ્રભુનુ ધામ-૧૯૪
આગળ ગાતા જાય છે, ગુણી બંદીજન યશ ગાય,
સર્વે હરિ પદ ગાય છે, એમ રાજ ભુવનમાં જાય-૧૯૫
આવી ઉગમણી ઓસરી, થાય પ્રભુ બિરાજમાન,
કરે સભા સૌ સંતની, સૌને આપે દર્શન દાન-૧૯૬
હરિજન સર્વે મળી, કરે પ્રેમમાં દર્શન,
આશિષ આપે શ્રીહરિ, થઈ સૌ ઉપર પ્રસન્ન-૧૯૭

તેનું કરે સન્માન પોતે, કર નેત્ર શિર કરી વેણ,
શ્યામ કરે સન્માન સૌનાં, શામળીયો સુખ દેણ-૧૯૮
અમૃતની નજરે કરી, જુવે ચારે કોર કૃપાળ,
શ્યામ મૂર્તિ જણાય છે, કોઈ સમે ગૌર દયાળ-૧૯૯
શરીરમાંથી શ્યામને, છુટે ફોર્યો સુગંધીમાન,
સુગંધ લઈ હરિજન, પામે આનંદ બુધ્ધિમાન-૨૦૦
સદાય ભીડની ભીડ રહે, હરિ ભક્ત સૌ પાસ,
તેજ દેખાય છે તનમાં, થાય સમાધિ ને પડે દાસ-૨૦૧
જીવન તેને જગાડે, કરી સાન લઈ તેનું નામ,
પુછે તેને વારતા, તું કીયે ગયો તો ધામ-૨૦૨
બદ્રિકાશ્રમને શ્વેતદ્વિપ, ગૌલોકાદિ અક્ષરધામ,
વાત કહે હરિ આગળે, જન સમાધિવાળો તે ઠામ-૨૦૩
સાંભળીને હસતા હતા, મુખ આડો ધરીને રૂમાલ,
સાંભળીને વિસ્મય થાય, સૌ સભાજન તત્કાળ-૨૦૪
પૂજે પ્રભુને પ્રેમથી, ચંદન ગ્રહી કર હાર,
વસ્ત્ર આભુષણ ધરાવે, અવલ નવા અલંકાર-૨૦૫
પૂજાને ગ્રહણ કરે, હરિભક્તના લ્યે હાર,
સોટી કર લાંબા કરી, રસિયોજી ધર્મકુમાર-૨૦૬
હાર દે સૌ સંતને, જાણે ફુલી રહ્યો ફુલબાગ,
શ્યામળો ફુલી રહ્યા, અંગે પુષ્પના સોહાગ-૨૦૭
ટોપી શિર પર ફુલની, ફુલ તણાં કુંડળ કાન,
ગુચ્છ ગજરા હારતોરા, ફુલ ચાદર શોભાયમાન-૨૦૮

બાજુ બાંધેલ ફુલના, લ્યે ફુલછડી હરિ હાથ,
ફુલ દડો એક હાથમાં, ફુલે ફુલી રહ્યા મુનિનાથ-૨૦૯
લેવા સુગંધી ફુલની, આવી ભમર કરે ગુંજાર,
આવી બેસે પાઘ પર, અતિ ઘણો ભમરને પ્યાર-૨૧૦
પાર્ષદ તેને ઉડાડે, તેને ના પાડે મુનિનાથ,
સુગંધ લે રાજી થકા, શબ્દ બોલે જાણે નાથ-૨૧૧
ક્યારેક બાઈઓ સૌ મળી, આવે પૂજવા ભગવાન,
હાર ચંદન વસ્ત્ર આભુષણ, ધરાવે છે દઈ માન-૨૧૨
આડ કરે કેશર તણી, ત્યાં ચોખા ચોડે ભાલ,
ટીબકડી ગાલે કરે, ઉર આરોપે શુભ માલ-૨૧૩
આપે એક એક કાંકરો, સાકરનો મુખ માંય,
આવે પ્રભુજી ચાવતા, બેઠ સભા હોય ત્યાંય-૨૧૪
શ્યામ સભાને જોઈને, મંદ મંદ હસે મહારાજ,
ગુરૂપદ દીએ સંતને, અતિ રાજી સંત સમાજ-૨૧૫
રાજી થઈ જન ઉપરે, હરિ આપે પ્રસાદીના હાર,
થાળ આપે કોઈને, આપે વસ્ત્ર અલંકાર-૨૧૬
બ્રહ્મ વિદ્યાની વારતા, કરે હરિજન આગળ,
સુષુમ્ણા નાડી તણી, કરે વાત વિધી તેહ પળ-૨૧૭
માથા ડોલાવે મહીપતિ, સાંભળી પ્રભુની વાત,
અલૌકિક કરી વારતા, એ પ્રકારે પ્રભુ પ્રભાત-૨૧૮
અમર રહ્યા આકાશમાં, ડોલાવે સર્વે શીશ,
ધન્ય આપણા ભાગ્ય છે, પ્રગટ મળ્યા મુનિ ઈશ-૨૧૯

પુષ્પની વૃષ્ટિ કરે, જય જય શબ્દ ઉચ્ચાર,
એક ઘડી દિવસ રહે, જાય જમવા ધર્મકુમાર-૨૨૦
બાજરાનો રોટલો, માંય રિંગણાનું શાક,
ચોખા મગની ખીચડી, જમે કોય સમે પ્રભુ પાક-૨૨૧
જમીને જીવન પધારે, આવી સભામાં વિરાજમાન,
દર્શન આપે દાસને, ત્યાં મુનિ બડા બુદ્ધિમાન-૨૨૨
બે પાસ થાય છે મશાલું, આરતી સમે અલબેલ,
ધુન્ય કરે છે ધર્મસુત, તાળી પાડીને રંગરેલ-૨૨૩
છાના રાખે સર્વને, વળી ધૂન્ય બોલે મુનિરાય,
એક પગે ઉભા રહી બોલે, સ્વામિનારાયણ સુખદાય-૨૨૪
કરજોડી કરૂણાનિધિ, લાગે સંત સભાને પાય,
હેઠા બેસે મહાપ્રભુ, કહી સચ્ચિદાનંદ સુખદાય-૨૨૫
ક્યારેક પ્રભુની મુરતિ, દેખાય છે નાની બાળ,
ક્યારેક શ્યામ દેખાય છે, ક્યારેક ગૌર દયાળ-૨૨૬
સામા સામા તડા કરી, સંતનાં સુંદર શ્યામ,
બોલે છે શ્લોક સુંદર, સભામાં સુખધામ-૨૨૭
ગવરાવે હરિ ગરબીયું, ગાય તેની ભેળા નાથ,
ઝીલણીયાં પદ ગાય છે, સૌ તાળી પાડી હાથ-૨૨૮
જીતે તેને હાર આપે, આપે છાતીમાં ચરણ,
વસ્ત્ર આપે વાલમો, હરિભક્તના ભયહરણ-૨૨૯
તાળી પાડે પદ ગાવતા, સૌ વાંસેથી મુનિનાથ,
હસે હરિ તેવે સમે, ત્યારે સૌ હસે છે સાથ-૨૩૦

સભામાંથી શ્રીહરિ ઉઠે અચાનક અવિનાશ,
ઉભા થઈ અલબેલડો, તાળી પાડી કહે સુખરાશ-૨૩૧
અંતઃશત્રુ છે જબરા, તમો રહેજો સૌ સાવધાન,
જય સચ્ચિદાનંદ કહી, ત્યાં ઉઠે શ્રી ભગવાન-૨૩૨
વાલો વીંટાણો સેવકે, જાય નીજ ઉતારે નાથ,
રમુજ કરતા જાય છે, પાર્ષદ પોતાને સાથ-૨૩૩
ઢાળ્યો એવો જે ઢોલીયો, મેલી પ્રથમ જમણો પગ,
પલંગ ઉપર ઉભા રહી, બોલે સાખી સેવક લગ-૨૩૪
બેસે પલંગ પર તે પછી, દાસ પાસે દબાવે અંગ,
ક્યારેક માળા માગીને, હરિ અંતર ધરિ ઉમંગ-૨૩૫
સંભારે છે શ્યામળો, હરિજન સારા સારા સોય,
નામ લઈ સેવકને, તેની હા પાડે છે જોઈ-૨૩૬
મણકો મેલે તેના નામનો, સંભારે સૌ હરિદાસ,
ચત્તા સુવે છે કોય સમે, બેઉ પડખે ફરી અવિનાશ-૨૩૭
અંગુઠા પાસની આંગળી, મધ્ય આંગળી મુનિરાય,
ભાલ વચ્ચે ફેરવે, બેઉ ઉભી શ્યામ સદાય-૨૩૮
જમણે પાસે પ્રભુજી, જ્યારે જગત આધાર,
માળા કર ધારણ કરે, સુવે ડાબે પડખે તે વાર-૨૩૯
ઈશ પર કાંડુ ધરી, માળા ફેરવે મુનિરાય,
એમ સુવે અલબેલડો, એવો સ્વભાવ સદાય-૨૪૦
મુખ ઉઘાડુ રાખીને, હરિને સુવાનો સ્વભાવ,
યોગ નિંદ્રાને ધરે, મૂર્તિ મનોહર માવ-૨૪૧

સેવક અડકી જાયતો, જાગે ફડકી સુંદર શ્યામ,
પુછે એવું કોણ છે, પછી સેવક કહે નિજ નામ-૨૪૨
ન બોલે તો નાથજી, બેઠા થઈને પકડે હાથ,
છોડે તેને ઓળખી, પ્રભુ હસે તેની સાથ-૨૪૩
પછી સુવે શ્યામળો, જ્યારે જાય અડધી રાત,
નિત્ય જાગ્યાનો સ્વભાવ છે, કથા વાત કિર્તન ગાત-૨૪૪
પ્રભુ પોઢે તે સમે, મુખ રાખે ઉઘાડુ રાત,
બેઠા થઈને પ્રભુજી, પુછે સેવકને સાક્ષાત-૨૪૫
કેટલી રાત્રી ગઈ, ત્યારે કહે સેવક તેહ વાર,
વર્ણી પાસે જળ માગીને, જળ પીએ ધર્મકુમાર-૨૪૬
કોઈ સમે નીશી પાછલી, તેડી મુક્તાનંદ મુનિ નાથ,
મનસુબો કરે મહાપ્રભુ, તે મુક્તની સંગાથ-૨૪૭
વૃદ્ધિ થાય સત્સંગની, તેવો કરે કૃષ્ણ ઉપાય,
શિયાળાની ટાઢમાં, કહે સેવકને સુરરાય-૨૪૮
લાવો સગડી તાપીએ, કરી લાવે સગડી દાસ,
ચાકળે વા ગોદડા પર, બેસે છે અવિનાશ-૨૪૯
સુખડ કેરા જાળીયા, ચીપીએ ગ્રહી નિજ હાથ,
ધરે અગ્નિ ઉપરે, ત્યાં તાપે મહા મુનિનાથ-૨૫૦
સેવકે વીંટાણા થકા, જાય તાપતા મહારાજ,
પરદેશના હરિભક્તની, વાતો કરે સુખસાજ-૨૫૧
લીલા લખી મહારાજની, એક દિવસની સુણો જન,
ભીમભાઈ કવિજન કહે, પ્રસન્ન રહો ભગવન-૨૫૨

તિલ ચિહ્ન

પૂર્વછાયો-પુરૂષોત્તમ મહારાજની, મૂર્તિ અતિ સુખરૂપ,
ચિહ્ન સહિત ચિંતવન કરો, ભીને વાને મૂનિભૂપ-૧
મહા મનોહર મૂર્તિ, સવા ચોસઠ તસુ પ્રમાણ,
ભૂજ પ્રલંબિત ભક્તપતિ, સુંદર શ્યામ સુજાણ-૨
લખુ ચિહ્ન મૂર્તિ તણા, સંત હરિજન કાજ,
સાંભળતા સુખ ઉપજે, એવા છે શ્રીમહારાજ-૩
રાત દિવસ પાસે રહી, નિરખી ધર્મ કુમાર,
લખુ ચિહ્ન ચિંતવન કરી, કરી મનમાં નિરધાર-૪
ચોપાઈ-મહારાજના ચરણ સરસ, લાંબા સુંદર છે તસુ દશ,
ભક્ત ધ્યાન ધરી થાય માતા, બેઉ ચરણ રૂપાળા છે રાતા-૫
બેઉ ચરણ કમળ છે લાંકે યુક્ત, જેનું ધ્યાન ધરે મોટા મુક્ત,
ઉર્ધ્વ રેખા છે આત્મારામ, બેઉ ચરણમાં મહાસુખ ધામ-૬
નીકળી પાનીની બેઉ કોર, એવી ઉર્ધ્વ રેખા છે સજોર,
પાનીની લંક સંધીએ સાર, ભલી થઈ ઉર્ધ્વ રેખા ઉદાર-૭
તસુ બે ભેળી થઈને રેખ, ભેળી ચાલી છે વાત વિશેષ,
પછી રેખા પડી છે તે નોખી, જેનો ધ્યાન ધરે મુનિ શોખી-૮
અંગુઠા આંગળીની સજોરા, નીકળી છે બેઉ કોરા,
પાનીની બેઉ કોર તે સાર, નીકળી ઉર્ધ્વ રેખા ઉદાર-૯
સોળ ચિહ્ન સહિત તે ચર્ણ, ભક્ત જનના ભવભય હર્ણ,
જમણા પગમાંહી નવ ચિહ્ન, નામે યુક્ત લખુ છુ નવીન-૧૦

જમણા પગની પાનીમાં સાર, ચિહ્ન સ્વસ્તિક રૂપ ઉદાર,
અષ્ટકોણનું ચિહ્ન છે જેહ, પાનીમાં લાવી ચિહ્ન સ્નેહ-૧૧
ઉર્ધ્વરેખાને બા'રલે પાસ, ચિહ્ન અંકુશ છે અભિલાશ,
જાણો લંકમાં છે જોયા લાગ, ચિહ્ન અંકુશ મહા બડભાગ-૧૨
વચલી આંગળી થકી ચિહ્ન, તે છે ધ્વજનું રૂપ નવીન,
ધ્વજ ચિહ્ન ફણા માંહિ જાણો, ચોથુ ચિહ્ન નવીન પ્રમાણો-૧૩
ઉર્ધ્વરેખાની બારલી પાસ, ચિહ્ન કમળનું છે સબાશ,
ચિહ્ન ફણામાં આનંદ કારી, ચિહ્ન પંચમું તે લેજો ધારી-૧૪
ઉર્ધ્વરેખાની માંહીલી કોર, ચિહ્ન જવનું છે ચિતચોર,
ફણામાંહી જાંબુ ચિહ્ન જાણો, ચિતવી કરી ધ્યાનમાં આણો-૧૫
અંગુઠાથી હેઠે રૂડું ચિહ્ન, જાણો વજ્રનું અતિ નવીન,
અંગુઠા તણા ટેરવા માંય, ચિહ્ન જવનું શોભિત ત્યાંય-૧૬
ઉર્ધ્વરેખા સહિત નવ ચિહ્ન, જમણા પગમાંહી નવીન,
ડાબા પગ તણા ચિહ્ન કહીએ, ધીર ધારીને ધ્યાનમાં લહીએ-૧૭
ઉર્ધ્વરેખા પાનીની બે કોર, નીસરીને આવી પદ ઠોર,
પાની લંકની સંધીમાં સાર, ભેળી થઈ ચાલી છે ઉદાર-૧૮
ત્રણ તસુ ચાલી નોખી પડી, વૃત્તિઓ જોગી તણી ત્યાં અડી,
બેય એક થઈ કરી ચાલી, આવી ફણાના લંકે રૂપાળી-૧૯
પગના લંકમાં ભેગી થઈ, એકમેક રસ થઈ ગઈ,
ફણા તણો જાણો મધ્ય ભાગ, ત્યાંથી નોખી પડી જોયા લાગ-૨૦
આંગળી અંગુઠા તણી સાર, તેની બેય કોરા નિરધાર,
ઉર્ધ્વરેખા નીકળીને આવી, મોટા મુનિ તણે મન ભાવી-૨૧

મત્સ્ય ચિહ્ન તે પાનીમાં જાણો, બીજુ ત્રિકોણ ચિન્હ પ્રમાણો,
ઉર્ધ્વરેખાની બારલી પાસ , જાણો લંકમાં ચિહ્ન સવાસ-૨૨
ચિહ્ન ધનુષ્યનું અતિ ધીર, જેનું ધ્યાન ધરે મહાવીર,
ઉર્ધ્વરેખાની બા'રલી કોર, વ્યોમનું ચિહ્ન છે ચિત્તચોર-૨૩
ત્યાં સુંદર કળશનું ચિહ્ન, ભારે શોભી રહ્યું છે નવીન,
ઉર્ધ્વરેખાની માયલી પાસ, જાણો લંકમાં ચિહ્ન સુવાસ-૨૪
ચિહ્ન ગોપદનું ત્યાં જાણો, જોતા શાસ્ત્ર વિષે પરમાણો,
ઉર્ધ્વરેખાની માયલી કોર, ચિહ્ન ફણામાં ચિત્તચોર-૨૫
અર્ધચંદ્રનું ચિહ્ન સુધીર, જેનું ધ્યાન ધરે મોટા વીર,
બેય પગનાં ટેરવાં ગોળ, મન ધ્યાનીનું થાય રંગચોળ-૨૬
ડાબા પગમાંહી સાત ચિન્હ, એક એકથી દિશે નવીન,
સોળ ચિહ્ન સહિત સુખકારી, પદ લેજો અંતરમાં ધારી-૨૭
ટેરવામાંહી સુંદર ચક્ર, જેને ખોળતાં ફરે છે શક્ર,
અતિ ગોળ તેજસ્વી તે જાણો, ધીરે રહીને ધ્યાનમાં આણો-૨૮
જમણા અંગુઠામાંહી ચિહ્ન, નખમાંહી છે અતિ નવીન,
બારલે પડખે નખ સાર, ઉભો બેવડો શોભે ઉદાર-૨૯
નખમાંહી રેખા રહી રાતી, તેની શોભા કહી નથી જાતી,
આંગળી અંગુઠા તણી પાસ, એક તીલ છે રૂપ ઉજાશ-૩૦
આંગળીઓની મધ્યનો ભાગ, હરિજન ને તે જોવા લાગ,
છેલ્લી આંગળી પગની સાર, જમણા પદની નિરધાર-૩૧
તેના બારલા પડખામાંય, તિલ નખના થડમાં ત્યાંય,
અંગુઠા આંગળી પર સાર, ચિહ્ન ચાખડી તણું ઉદાર-૩૨

બેઉ પગની આંગળીયું રૂડી, મુનિજનની તે મહા મુડી,
બેય પગની આંગળીયું પર, કેશ ઝીણા છે સુંદર-૩૩
બેઉ પગની ઘુંટીયું ગોળ, મન ધ્યાની તણું રંગ ચોળ,
આસનના ઘસારાનાં ચિહ્ન, ત્યાં શોભે છે અતિ નવીન-૩૪
કાંડા ગોળ છે સુંદર સારાં, જોતા લાગે છે ભક્તને પ્યારાં,
ડાબા પગે તિલ નળી પર, તસુ પાંચ ઉંચો છે સુંદર-૩૫
તેની ઉપર તિલ છે નાનો, ધ્યાનીને પ્રિય ઘણો સમાનો,
બેઉ પગની પિંડીયું સાર, ચડતી ઉતરતી છે ઉદાર-૩૬
નળીમાં ભળતી છે રૂપાળી, પીંડી સુંદર ગોળ સુવાળી,
બેઉ પગની ઢાંકણી શ્યામ, સુખ સાગર સુખનું ધામ-૩૭
બેઉ પગની સાથળો ગોળ, કેળ સ્તંભ ચિત્ત રંગચોળ,
ખાંપો ઝાડનો વાગ્યો તે દિન, તેનું સાથળમાંહી છે ચિહ્ન-૩૮
કટી મેખળાનું ચિહ્ન શ્યામ, કટિ ફરતું છે સુખધામ,
અંગુઠામાં પડ્યું શ્યામ ચિહ્ન, કટિ સુંદર શોભે નવીન-૩૯
સદા શીતળ ઉદર અનુપ, નાભી ઉંડી ગોળ સુખરૂપ,
નાભીનાં કાંઠા ઉપર સાર, તિલ એક છે અતિ ઉદાર-૪૦
તેહ તીલ છે જમણી પાસ, ધ્યાની જ્ઞાનીનો ત્યાં નિવાસ,
નાભી થકી છે ડાબી કોર, અર્ધ આંગળ છેટો કિશોર-૪૧
એક તિલ તે ઠેકાણે જાણો, નાભી કાંઠા ઉપર પ્રમાણો,
બેઉ નળીની ઉપર સાર, રૂડા તિલ રહ્યા છે ઉદાર-૪૨
તેથી આંગળવા તિલ એક, ઉંચો જાણજો કરિ વિવેક,
ત્રિવળી પડે ઉદર માંય, કુખ પરજંત શોભે છે ત્યાંય-૪૩

છાતી ઉપડતી છે અનુપ, પોળી પખતી છે સુખરૂપ,
બેઉ સ્તન છે સુંદર શ્યામ, શ્યામ મણિ જેવા સુખધામ-૪૪
નાના પિપળાના પાન જેવા, રોમ છાતીમાં છે હિમ જેવા,
થોડા છે કાળા ને હિમ વર્ણા, શોભે સુંદર અશરણ શર્ણા-૪૫
ડાબી કોરે છે છાતીમાં ચિહ્ન, ચિહ્ન શ્રીવત્સ તણું નવીન,
જરા જરા દેખાય છે રાતું, ધ્યાની તણું થાય મન માતું-૪૬
કેશના થડમાંહી તે જાણો, ચિહ્ન શ્રીવત્સ તણું પ્રમાણો,
બેઉ સ્તન પર અનુપ, ચિહ્ન છાપનું છે સુખરૂપ-૪૭
ડાબે પડખે કુખ ઉપર, હેઠો બગલ થકી સુંદર,
આઠ તીલની ઉભી છે હાર, તેની શોભા તણો નહીં પાર-૪૮
તેને બારને પડખે જાણો, તિલ ચારની હાર પ્રમાણો,
છાતી મધ્યે મનોહર ચિહ્ન, અર્ધ ચંદ્રનું ચિહ્ન નવીન-૪૯
પાંચ તસુ પહોળુ ને રાતું, થાય ધ્યાની તણું મનમાતું,
ચડિયાતું છે જમણી કોરા, એક તિલ છે શોભિત ઓરા-૫૦
ડાબી કોરા તે તિલને જાણો, ચિહ્ન અર્ધ ચંદ્રનું પ્રમાણો,
એહ તિલથી બે તસુ સાર, છેટે તિલ છે રૂપ ઉદાર-૫૧
ડાબા સ્તન પરનો તિલ, જ્ઞાની ધ્યાનીના મનનો મીલ,
જમણી ભૂજાની માંહીલી પાસ, હાર ચાર તિલની છે ઉજાસ-૫૨
જમણી કુણીથી હેઠા છે સાર, ઉપર બે તિલ ઉદાર,
જમણા હાથનું પડખુ જે બાર, તિલ ચારની ઉભી છે હાર-૫૩
ખભેથી લઈને તસુ ચાર, ત્યાં છાપનું ચિન્હ ઉદાર,
બેઉ ભુજમાં છાપના ચિહ્ન, મહારાજની મૂર્તિ છે ભીન-૫૪

હથેળી તણા મુળથી જાણો, તેથી છ તસુ ઉંચા પ્રમાણો,
ચિન્હ્ છાપનાં બે ભુજામાંય, ચિહ્ન શોભાયમાન છે ત્યાંય-૫૫
બેઉ હાથની હથેળી રક્ત, ધરી ધ્યાન રાજી થાય ભક્ત,
તેમાં રેખાઓ દિસે છે શ્યામ, શોભા સાગર સુખનું ધામ-૫૬
જમણા અંગુઠા માંહી ચિહ્ન, રૂડું ચક્ર તણું છે નવીન,
જમણા હાથની ટચલી આંગળી, તેના મુળ થકી શોભે વળી-૫૭
હથેળીના વેઢાથી છે જરા, તિલ એક છે શોભિત સરા,
બેઉ હાથ તણી જે આંગળીયું, જાણે શોભે છે ચોળા ફળીયું-૫૮
વેઢા આંગળીઓ તણા શ્યામ, ભારે શોભિત મહા સુખધામ,
બેઉ હાથની આંગળીયું નક્ત, તેના નખ તેજસ્વી છે રક્ત-૫૯
ડાબા હાથના અંગુઠા પાસ, રૂડી આંગળી રૂપ ઉજાસ,
તેની જોડની વચલી આંગળી, તેના વિરામાં તિલ છે વળી-૬૦
ડાબા હાથના પોંચા ઉપર, તિલ એક છે શ્યામ સુંદર,
બાલ હસ્તિની સુંઢ સરીખા, ભૂજ ગોળ છે સુખપરિખા-૬૧
વળદાર જાનું પર્યંત, મળી સુખીયા થયા છે સંત,
તિલ કંઠના ખાડામાં જેહ, જોતાં ભક્તને થાય સ્નેહ-૬૨
તિલ નાના છે તેની ઉપર, દાઢી હેઠે છે તિલ સુંદર,
મહારાજના હોઠ છે રક્ત, જેનું ધ્યાન ધરે મોટા ભક્ત-૬૩
પ્રેમના પડિયા જેવા કાન, અતિ સુંદર શોભાયમાન,
કંઠ કંબુ સમાન છે સાર, કસ્તુભ મણિને શોભાવનાર-૬૪
શ્યામ બિંદુનું ચિહ્ન છે સાર, ડાબા કાનના ભીતર બહાર,
ડાબી દાઢમાં શ્યામ છે ચિહ્ન, ક્ષિતિ ધારી હતી કોય દિન-૬૫

જીભ રાતીને પાતળી અતિ, અણિયાળી જીભ રૂપવંતી,
જ્યારે પોઢે મહામુનિરાય, રસના જરા હલતી જાય-૬૬
જીભ ઉપર છે ચિહ્ન રાતું ડાબી કોર મધ્ય ભાગે માતું,
દંત દાડમના બીજ જેવા, ઝીણા ઉજ્જવળ કુંદકળી એવા-૬૭
નાસિકા દિપની શીખા સરખી, જુએ ભક્ત અંતરમાં હરખી,
નાસાના જમણે પડખે સાર, તસુ છેટે છે તીલ ઉદાર-૬૮
નાસાના ફોરણાની ઉપર, ચિહ્ન શીળી તણાં છે સુંદર,
નેત્ર ચંચળ છે અતિ ઘણાં, રાતી રેખા સહિત સોહામણાં-૬૯
જમણી આંખના ખૂણામાં સાર, નાનો તિલ છે રૂપ ઉદાર,
હેઠલીને ઉપર પાંપણીયું, ઝીણી કરચલી શોભે ઘણીયું-૭૦
શ્યામ ભ્રકુટી ધનુષ્ય આકાર, તેની ઉપર ચિહ્ન ઉદાર,
જમણી ભ્રકુટી પર જેહ, અર્ધ ચંદ્રને આકારે એહ-૭૧
પખતો મોરવા તાળવા પર, મોટો તિલ છે ત્યાં તે સુંદર,
ચોટી ઉભી રહે છે સદાય, ઉત્તમાંગ શોભે મુનિરાય-૭૨
ચોટીથી જમણી કોરે સાર, તિલ ત્રણ તે છે ઉભી હાર,
મહારાજના વાંસના મ્હોર, ગોળ ઉપડતા છબી ઓર-૭૩
બેઉ મોરૂ ઉપર છે તિલ, રોમે સહિત શોભે સુશીલ,
જમણી ખરપડી ઉપર એક, રોમે સહિત તિલ છે નેક-૭૪
ડોકથી તસુ બે વાંસા માંય, મોટો તિલ છે સુંદર ત્યાંય,
તેથી હેઠો નાનો તિલ સાર, તિલ તેથી હેઠો છે ઉદાર-૭૫
જમણી કોર વાંસા મધ્યે સાર, તિલ ચારની છે ઉભી હાર,
ડાબા ખભાના તિલથી છાનો, ત્યાં એક રહ્યો તિલ નાનો-૭૬

મૂર્તિ મનોહર સારી, લેજો મહાજન અંતર ધારી,
ચિહ્ન સહિત મૂર્તિ રૂપાળી, મેંતો લખ્યા દ્રગે ભાળી ભાળી-૭૭
નેણે જોઈને મેં સાર સાર, કરી મનમાં ઘણો વિચાર,
રાત દિવસ રહી પ્રભુ પાસ, સેવા કરતો થઈ હરિદાસ-૭૮
પાર્ષદ હરિનો હજુરી, ત્યારે લીલા લખી છે મે પૂરી,
પારસદ મહાપ્રભુ તણો, પ્રભુજીને પ્રિય હતો ઘણો-૭૯
ભીમભાઈ હું પ્રભુનો દાસ, લખ્યા ચિહ્ન રહી પ્રભુ પાસ,
મોટા મોટા તે સંતની મર્જી, જોઈ લીલા પ્રભુની મેં સર્જી-૮૦
રઘુવીર આચાર્ય સાર, મને કહેતા હતા વારોવાર,
તેમની આજ્ઞા શીર ધારી, કર્યો ગ્રંથ મે લીલાનો ભારી-૮૧
લખ્યા મહાપ્રભુજી તણાં ચિહ્ન, સર્વે મૂર્તિના રૂપ નવીન,
ભીમભાઈ કહે કવિજન, થાજો મહાપ્રભુજી પ્રસન્ન-૮૨

શ્રી સ્વામિનારાયણ મહિલા સંસ્કાર કેન્દ્ર,અમરેલી, અમદાવાદ અને સુરત દ્વારા થતી ધાર્મિક તેમજ સામાજિક પ્રવૃત્તિ

પ્રેરક :- પ.પૂ. સાંખ્યયોગી શ્રી લીલાબેન

શ્રી સ્વામિનારાયણ ભગવાને પ્રવર્તાવેલ સર્વજીવ હિતાવહ સંદેશાઓને વિશેષ જતન અને પોષણ માટે મહિલા મંદિરોની તથા આવા સંસ્કાર કેન્દ્રની આવશ્યકતા છે.

શ્રી સ્વામિનારાયણ ભગવાનની આજ્ઞા અનુસાર આ સંપ્રદાયમાં જેમ સંતો ગામડે ફરી મુમુક્ષુ હરિભક્તોને ઉપદેશ આપી સત્સંગ કરાવે છે તેમજ સાં.યો. બહેનો પણ ગામડે ફરીને મુમુક્ષુ ભાવિક ભક્તજન બહેનોને સત્સંગ કરાવે છે. અનેક બહેનોને, બાલિકાઓને, યુવતીઓને જીવનનો સાચો રાહ બતાવી ભગવાનને માર્ગે વાળી ભજન ભક્તિ કરાવે છે. ને સારા સંસ્કારો આપે છે. **પ.પૂ. સાં.યો. શ્રી લીલાબેન** ઘણા વર્ષોથી આ સત્સંગની ધાર્મિક તેમજ સામાજિક પ્રવૃત્તિ કરી રહ્યા છે. પોતાનું સમગ્ર જીવન માનવ સેવા પરાયણ બનાવી દીધું છે. પોતાની સમગ્ર આધ્યાત્મિક શક્તિનો સર્વજીવ હિતાવહ કાર્યમાં સદ્‌ઉપયોગ કરી રહ્યા છે. જેમાંની ધાર્મિક સેવાઓ તથા સામાજિક સેવાઓ.

- બાલિકા તથા યુવતી, મહિલાઓના સાંસ્કૃતિક કાર્યક્રમો.
- મહિલાઓના ઉત્કર્ષ ઉત્થાન માટે મહિલા મંડળોની સ્થાપના.
- કલુષિત વાતાવરણથી બચી બચપણથી જ સુસંસ્કારી બને તે માટે બાલિકા મંડળો, યુવતી મંડળોની સ્થાપના તેમજ સંસ્કાર શીબીરો.
- ગામડે ગામડે અને શહેરોમાં સત્સંગ સભાઓ તથા કથા પારાયણો.
- ભજન ભક્તિ માટે અખંડ ધૂન, મંત્રલેખન તથા કિર્તનભક્તિના આયોજનો.
- દર એકાદશીએ સત્સંગ સભાઓ.
- દર અમાસની મહિલાઓ માટે શ્રીહરિશરણાગત સભા.
- સમૂહ મહાપૂજા તેમજ આદિનારાયણની કથાઓ.
- ભજન ભક્તિના વેગ વધારવા માટે મહિલા સત્સંગ વ્યાખ્યાનમાળાઓના આયોજનો.
- શ્રી સ્વા. સંપ્રદાયમાં વર્ષ દરમિયાન ઉજવાતા ધાર્મિક વિવિધ ઉત્સવો.
- વિશેષ સત્સંગ માટે સત્સંગ સંવર્ધન સભાઓ સાથે શાકોત્સવ.
- વિદેશ અમેરિકા, લંડનમાં મહિલાઓના સત્સંગ પોષણ માટે સત્સંગ વિચરણ.

- તુલસી વિવાહ મહોત્સવો એવમ્ યાત્રા પ્રવાસો.
- નૂતન સાહિત્ય પ્રકાશનો તથા વર્ષોવર્ષ નવા કેલેન્ડરનું પ્રકાશન.
- પૂ.બેને કરેલ કથા તેમજ બ્રહ્માનંદસ્વામીના કિર્તનોની CD. VCD. MP3. કેસેટો.
- અમરેલીની શાખા અમદાવાદ તથા સુરત મહિલા સંસ્કાર કેન્દ્રોની સ્થાપના કરેલ. (પૂ.બેનના મંડળમાં એક સાથે ૨૦ બહેનો રહી ભગવાન ભજે છે.)
- ગરીબોને માટે અનાજ વિતરણ, મફત છાશ વિતરણ, વૃક્ષારોપણ, રક્તદાન કેમ્પ, સ્ત્રીરોગ નિદાન કેમ્પ, નેત્ર નિદાન કેમ્પ, હોસ્પિટલમાં ફ્રુટ તથા દવા વિતરણ, ઉકાળા વિતરણ, દુષ્કાળ, અતિવૃષ્ટિ તથા અનાવૃષ્ટિમાં સહાય વગેરે સામાજિક કાર્યો આ સંસ્થા દ્વારા કરવામાં આવે છે.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

પ.પૂ. સાંખ્યયોગી શ્રી લીલાબેનની પ્રેરણાથી
શ્રી સ્વામિનારાયણ મહિલા સંસ્કાર કેન્દ્ર અમરેલી,
અમદાવાદ અને સુરત દ્વારા ચાલી રહેલ.

જીવન સુધારણા યજ્ઞ

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુએ ગઢપુરથી સંતોને આજ્ઞા કરેલી કે, હે !... મારા વા'લા સંતો તમે ગામડા ફરીને મુમુક્ષુ જીવોને ઉપદેશ આપીને મોક્ષમાર્ગે વાળો તેમાં અમારો ખૂબ જ રાજીપો છે.

"ત્યારે નાથ કે તારવા જંત રે, દેશો દેશ ફરો બુદ્ધિવંત રે.
પછી મુક્તને આપી આગન્યા, તમે ફરો દેશવિદેશ.
દૈવી જીવોને ઉપદેશ કરવા, સંત મંડળ મોકલ્યા ફરવા.
જાઓ ફરવા સંતો ઉર્વી આજ, અરિ તમે જીતીયા.
સંતો સહુ સંપીને રહેજો, ધર્મ સંદેશો સહુને કહેજો.
મમત્વ રાખો ઘરધણી થઈને, સતસંગ વધારો ઉપદેશ દઈને.
વળતા મુનિ એમ બોલિયા, શું શું ધરાવીએ વર્તમાન.
કઈ પેર ભજન કરાવીએ, કઈ પેરે ધરાવીએ ધ્યાન.
ચોરી આદિક નિયમ ધરાવજો, કરી વાતો કથા દેશો દેશ."
.....સમૈયે વેલા આવજો."

વહાલા મુમુક્ષુજનો...! સંપ્રદાયમાં દાખલ થવાનું પહેલું પગથીયું વ્રતમાન ધરાવવા પડે (વિધિ સહિત કંઠી બાંધવી તે.)

વ્રતમાન ધરાવીને પછી કંઠી ધારણ કરીએ એટલે આપણા જીવનો સંબંધ ભગવાન સાથે થયો. જીવની જવાબદારી ભગવાનને માથે લીધી કે હવે આ જીવ મારો થયો. તેને આલોકમાં સુખી કરી અંતે કલ્યાણ કરવું. માટે વ્રતમાન અવશ્ય ધરાવવા જ પડે, કંઠી પહેરી અને ભગવાન આશ્રિત થવું જોઈએ. વ્રતમાન એટલે પાંચ નિયમ, દારૂ, માટી, ચોરી, અવેરી, વટલવું વટલાવવું નહિ.

નોંધ :- સહુ ભક્તોએ ભક્તિમાં વધારો કરવો. આપણે કેટલા નિયમ પાળવા તે વિગત છે તે ખંતથી જીવનમાં ઉતારી ને અમલમાં મુકવાનો આગ્રહ રાખવો.

નીચેના નિયમો પાળવા તે જીવનમાં ખાસ જરૂરી છે.

- દરરોજ સવારમાં માતા-પિતા, સાસુ-સસરા, વડીલ સૌને વંદન કરી જય શ્રી સ્વામિનારાયણ કહેવા.
- દરરોજ જનમંગલ, સર્વમંગલ, આદિક પાઠ કરવા. સ્વામિનારાયણ મહામંત્રનું સ્મરણ કરવું ને મંત્રલેખન કરવું.
- માળા કરવી, દંડવત કરવા, પ્રદક્ષિણાઓ કરવી, ધ્યાન કરવું, દરરોજ સવારે પૂજા અવશ્ય કરવી, એક, બે કે પાંચેય માનસી પૂજા કરવી.
- ૨૪ કલાકમાં એકવાર મંદિરે જવું, પૂજામાં કે મંદિરે કિર્તનો બોલવા, કથા કરવી-સાંભળવી તથા સ્વાભાવિક ચેષ્ટા-ઓરડા (નિત્યનિયમ)નાં પદો બોલવા, બે માળા ફેરવીને જ રાત્રે સૂવું.

- વચનામૃત, ભક્તચિંતામણી, નિષ્કુળાનંદ કાવ્ય, સ્વામીની વાતો, સત્સંગીજીવન, હરિલીલામૃત, શિક્ષાપત્રી, સત્સંગની શુભવાર્તાઓ વગેરે ધાર્મિક ગ્રંથોનું વાંચન કરવું.
- એકાદશીએ, હરિજયંતી (સુદી નવમી)એ ફરાળ કે ઉપવાસ કરવો.
- જમતી વખતે મૌન વ્રત રાખવું જેથી સ્વામિનારાયણ મહામંત્રનો જપ થાય.
- ચોરી, નિંદા, પારકી પંચાત ન કરવી. જૂઠું ન બોલવું, અપશબ્દો ન બોલવા.
- કોઈનો દ્રોહ ન કરવો અને સારા મિત્રોનો સંગ કરવો.
- બજારૂં રાંધેલ ખોરાક ન ખાવો, બજારૂ ચા ન પીવી, ઘરની ચા પણ છોડી દેવી, ડુંગળી, લસણ, ઈંડા, માંસ આદિ અભક્ષ્ય ન જમવું.
- છીંકણી, તમાકુ, બીડી, દારૂ, ટી.વી., સિનેમા વગેરેનું વ્યસન છોડવું.
- અનીતિ તથા અન્યાયથી ધનનું ઉપાર્જન ન કરવું.
- કુટુંબમાં, પડોશીમાં ને ગામમાં સંપથી રહેવું, ક્રોધ તથા ઈર્ષા ન કરવી. તથા સાસુ સસરાની પૂજ્યભાવે સેવા કરવી.
- રજસ્વલાના ધર્મો પાળવા તથા પળાવવા.
- રસોઈ કરતી વખતે ક્રોધ ન કરવો, ભજન કરવું ઠાકોરજી ને થાળ ધરાવીને જ જમવું તથા જમાડવું.
- દૂધ, ઘી, તેલ, પાણી, કપડાથી ગાળીને વાપરવા.

- સવારમાં સ્નાન કરીને જ સર્વ ક્રિયા કરવી.
- બાળકોમાં સારા સંસ્કાર પડે તેવી વાતો કરવી અને મંદિરે તથા બાળ મંડળોમાં મોકલવા.
- વર્તમાન ધરાવીને કંઠમાં કાયમ બેવડી કંઠી પહેરવી.
- ઘરકામ કરતાં કરતાં મૂર્તિના કિર્તનો કંઠસ્થ કરીને બોલવા.
- મંત્ર, જંત્ર, વહેમ, પાખંડ, ધતીંગ, દોરા, ધાગા વગેરેમાં પ્રતીતિ ન લાવવી.
- આપણા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન સર્વોપરિ, સર્વેના નિયંતા છે એવી અનન્ય નિષ્ઠા રાખવી.
- સાંખ્યયોગી બહેનોના યોગમાં રહેવું તેવી મહારાજની આજ્ઞા છે.
- મહારાજની આજ્ઞા અનુસાર દરેક બહેનોએ સાંખ્યયોગી બહેનોના સમાગમમાં રહીને કથાવાર્તાનો યોગ રાખવો જેથી જીવ સત્સંગમાં વૃધ્ધિને પામે.

  (સંત સમાગમ કીજે હો નિશદિન સંત સમાગમ કીજે...બ્ર.સ્વામી)
- ભગવાનનો મહિમા સમજાવીને બીજા મુમુક્ષુ જીવોને ભગવાન ઓળખાવવા ને સત્સંગમાં જોડવા (વર્ષમાં બે પાંચ નવા સત્સંગી કરવા)

''એહી ધર્મ કે નિયમમેં, વરતો સબ હરિદાસ;
ભજો શ્રી સહજાનંદ પદ, છોડી ઓર સબ નાશ.''









